# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

CDO PRAKASH SAMIKSHA

FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૯૫મું

Volume : 22 • Issue 19 • Pages 20 • Mumbai Dated : 5th May 2020 • Yearly Subscription Rs.50/-

Visit us at : www.prakashsamiksha.com • kdoprakash@gmail.com










**બસ હવે થોભી જા**

પોતાના સ્વાર્થ માટે માનવે
જંગલોનું નિકંદન કાઢ્યું.
આકાશને ધુમાડાથી ભરી દીધું.
હિમખંડોને પિગળાવી નાખ્યા.
નદી-સમુદ્રને પ્રદુષિત કરી દીધા.
પ્રકૃતિએ ઘણુ બધું સહન કર્યું.
ચેતવણીરૂપે વંટોળિયા મોકલ્યા,
ભૂકંપો-સુનામી સર્જ્યા,
અતિવૃષ્ટિ કરી, દુકાળથી ડરાવ્યા.
પણ માણસ સમજ્યો જ નહિં
કુદરતના આ સંકેતો.
મનુષ્ય નામના પ્રાણીએ કુદરત
પર કરેલા અત્યાચારોનું
પરિણામ હવે સામે આવ્યું છે.
માનવોના કારનામાઓથી કંટાળેલી
કુદરતે જાણે અદ્રશ્ય જીવાણુ રૂપે
રેડ સીગ્નલ મોકલ્યું છે....
કે બસ હવે થોભી જા...

## વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈ પ્રકાશ સમીક્ષાના અંક ૧૯ની ઈ. આવૃત્તિ આપના સુધી પહોંચાડવાનોઅમારો પ્રયાસ છે.

# સ્મૃતિ વંદના



**ઉદય :**
**તા.૨૭-૧૦-૧૯૩૩**

**અસ્ત :**
**તા.૦૯-૦૪-૨૦૧૩**

**પરમ વંદનીય**

## સ્વ.શ્રી ખીમજી કરમશી વિરપાર શાહ લોડાયા

**મોટી ખાવડી-મુલુંડ**

વિતી ગયા છે સાત વર્ષના વહાણા,
ને તમારી યાદોથી આંખો છલકાય છે.
સુખ દુ:ખના તડકાને, છાયા ઝીલ્યા આપે.
કંટક ભર્યા માર્ગમાં ફૂલડા બિછાવ્યા આપે.
ટાઢ હો કે તડકો વસ્ત્રોથી સજાવ્યા અમને.
અમારા ડગમગતા કદમોને ચલાવ્યા આપે
કેમ ભુલાય એ મધુરા ભોજનને હજીયે?
સ્નેહથી કોળીયા અમૃતના, ભરાવ્યા આપે.
સ્વયં રહી સાદગીથી જીવન અમારા સજાવ્યા
ને તણખલે તણખલે સજાવી અમારી દુનિયા
આપના જીવનની એ હર ક્ષણ અમુલ્ય હતી.
હર તુફાનો ઝીલી, વટવૃક્ષ બની અડગ રહ્યાં.
તેની શિતળ છાયામાં, અમે પંખી ટહૂકતા રહ્યાં.
અમારે હર ટહુકે ઋણ આપનું પ્રગટે છે.
સમાજમાં પણ આપની મહેક પ્રસરી છે.
ને પરિવાર રૂપી આપની ફુલવાડી મહેકે છે,
સાતમી પૂણ્યતિથીએ અર્પણ અમારી શ્રધ્ધાંજલી
નત મસ્તકે વંદના સહ

-: આપનો પરિવાર :-

પુત્ર-પુત્રવધુ : ગીરીશ-સંધ્યા, મહેશ-નૂતન, બંકીમ-રીટા, મુકેશ-ગીતા
પૌત્ર-પૌત્રવધુ : પ્રિતેશ-શીખા, ઉર્વેશ-પાયલ • પૌત્રી-જમાઈ : ભક્તિ-તુષાર
પૌત્ર-પૌત્રી : કુનાલ, કિંજલ, દ્રષ્ટિ • પ્રપૌત્ર : નિશ-પ્રિતેશ • પ્રપૌત્રી : ત્વિશા પ્રિતેશ
સ્વ. માતુશ્રી લીલબાઈ કરમશી વિરપાર લોડાયા પરિવાર (મોટી ખાવડી)
સ્વ. માતુશ્રી ચાંપબાઈ ટોકરશી પદમશી ધરમશી પરિવાર (નાની ખાવડી)

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હિરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

અંક નં.૧૯
તારીખ : ૦૫-૦૫-૨૦૨૦

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
Tel.: 022-2508 4463/64/65
E-mail : kdoprakash@gmail.com

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સ્થાનેથી**

# વર્તમાન પરિસ્થિતિના પડકારો

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈ પ.પૂ.ગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજીએ વરસીતપતા પારણાં તા.૨૫ એપ્રિલના રોજ સાદગીપૂર્ણ રીતે ખૂબ જ ઓછા ભાવિકોની હાજરીમાં કર્યા જેનું યુ ટ્યુબ ઉપર પ્રસારણ થયું. જેથી બધાને દર્શનનો લાભ મળ્યો. તેવી જ રીતે કચ્છમાં અનેક ગામોમાં ધજા મહોત્સવો સ્થાનિક જ્ઞાતિજનોની હાજરીમાં સુવ્યવસ્થિત રીતે સાદગીપૂર્ણ રીતે અને સરકારશ્રીના નિયમો મુજબ ભાવપૂર્વક યોજાયા.

કોરોના મહામારી હજુ સુધી પૂર્ણ રીતે નિયંત્રિત નથી થઈ એટલે જ્યાં સુધી એના બચાવ માટે રસી શોધાય તથા તેનું પરિક્ષણ થઈ યોગ્ય રીતે જનતા સુધી ન પહોંચે ત્યાં સુધી ખૂબજ સાવચેતી રાખી સોશ્યિલ ડીસ્ટન્સીંગનું પાલન કરવું જરૂરી છે. સરકાર દ્વારા ટ્રેન-વિમાન સેવા શરૂ થાય તો પણ જો આવશ્યક ન હોય તો પ્રવાસ ટાળવો જોઈએ તથા વરિષ્ઠ વ્યક્તિઓ માટે પ્રવાસ ઈચ્છનિય પણ નથી. આ બધી બાબતો ધ્યાનમાં લેતા આ વર્ષે ચાતુર્માસ પ્રવેશના શુભ અવસરો સ્થાનિક ગામવાસીઓની હાજરીમાં યોજાવા જોઈએ અને જ્યાં સુવિધા ઉપલબ્ધ હોય ત્યાંથી એનું પ્રસારણ યુ ટ્યુબ પર થવું જોઈએ જેથી બધાને દર્શન-વંદનનો લાભ મળશે. ડીઝીટલ વ્યવસ્થાના કારણે વધુ વ્યક્તિઓ એ નિહાળી શકશે તથા તેમાં સહભાગી બની શકશે. તેવી જ રીતે પર્યુષણ પર્વની ઉજવણીનું આયોજન સોશ્યલ ડીસ્ટન્સને ધ્યાનમાં રાખીને કરવું જોઈએ અને જ્ઞાતિજનોને લાંબી મુસાફરીઓ માટે પ્રોત્સાહિત કે નિમંત્રિત ન કરવા જોઈએ એ વર્તમાન સમયની માંગ છે.

કોવિડ-૧૯ એ આપણને વાર્તાલાપ, રહેણીકરણી અને પરસ્પર સંવાદના નવા માર્ગો શિખવાડ્યા છે. આપણે સૌએ પણ સમયને સમજી નવી ટેકનોલોજીનો લાભ લઈ નવું શીખવું જોઈએ. સમસ્ત મહાજન દ્વારા વેબિનાર (વેબ સેમિનાર)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી દિલીપભાઈ નાગડા, શ્રી રવિ ધરમશી, શ્રીમતી મિનલબેન ખોના, શ્રી કિરીટ ધરમશી અને શ્રી નિમીત મોમાયાએ વિવિધ વિષયો ઉપર પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા, જેનો લાભ બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ લીધો હતો. કેડીઓ સીએ એસોસિએશન દ્વારા પણ ટેક્ષ અને કંપની કાયદા ઉપર ઘણા વેબિનાર્સ આયોજિત કરવામાં આવ્યા હતા. આ બધું જોઈને મનમાં વિચાર આવ્યો કે જો આવા સેમિનાર કાર્યક્રમ સ્વરૂપે કોઈ ચોક્કસ સ્થળે આયોજિત કરવામાં આવ્યા હોત તો વિશ્વના ખૂણે ખૂણે વસી રહેલા કેડીઓ જ્ઞાતિજનો કઈ રીતે એમાં સહભાગી થયા હોત? આ ઉપરાંત ઘણા યુવાનોએ ઘણી બધી સ્પર્ધાઓ અને રમતો પણ આજ રીતે આયોજિત કરીને અનેકોના મન હળવા કર્યા હતા. આના કારણે અનેક નવા સર્જનાત્મક-કલાત્મક વ્યક્તિત્વોનો પરિચય પણ જ્ઞાતિને થયો.

મુંબઈ મહાજન દ્વારા ૨૮ એપ્રિલના રોજ મ્યુઝીકલ ઈવનીંગનું આયોજન યુટ્યુબ પર કરવામાં આવ્યું હતું. જેને ૧૦,૦૦૦ થી વધુ જ્ઞાતિજનોને માણ્યું હતું.

મુંબઈ મહાજન પ્રેરિત શીલાભદ્ર સાધર્મિક સહાયના નામ હેઠળ કોરોના મહામારીમાં રાહત માટેના ફંડમાં ૨૮ એપ્રિલ ૨૦૨૦ સુધી રૂા.૩૭,૭૫,૦૦૦/- જેવી માતબર રકમ એકત્રિત થઈ છે. મુંબઈ માહજન દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે આ રકમ કોરોના

મહામારીના કપરા કાળમાં દેશભરમાં અસરગ્રસ્ત બનેલા જરૂરતમંદ જ્ઞાતિજનોને આર્થિક સહાયતા માટે વાપરવામાં આવશે. મુંબઈ બહાર વસતા જ્ઞાતિજનોને મદદરૂપ થવાનું મુંબઈ મહાજનનું આ પગલું અનુમોદનીય છે. ૨૮ એપ્રિલ સુધી ફક્ત ૧૧૩ જેટલા ઉદાર જ્ઞાતિજનો આ માટે આગળ આવ્યા છે જે ખૂબ ઓછી સંખ્યા કહી શકાય. આશા રાખું છું કે જ્ઞાતિની ૧૦૦૦ જેટલી વ્યક્તિઓ આ ઉમદા કાર્યમાં આર્થિક યોગદાન આપવા આગળ આવશે. મુંબઈ મહાજન આ ફંડની એકત્રિત રકમ સુકૃત્યમાં વપરાઈ ગયા પછી એના હિસાબો જાહેર કરે એ ઈચ્છનીય છે.

વર્તમાનની કપરી સ્થિતિમાં અનેક સંસ્થાઓ, મંડળો મહાજનો, જરૂરમંદ જ્ઞાતિજનોને મદદરૂપ થવા આગળ આવ્યા છે. જે ભાતૃભાવની જવલંત ભાવના દર્શાવે છે. આવી જ રીતે નોકરી-ધંધો ગુમાવવાને કારણે, નુકશાનીના કારણે તેમજ અત્યારની સ્થિતિના કારણે આર્થિક મુશ્કેલી અનુભવી રહેલા જ્ઞાતિજનો તથા જરૂરતમંદ જ્ઞાતિજનોને મદદરૂપ થવા કોઈક સમસ્ત મહાજન તથા મુંબઈ મહાજન પણ નક્કર આયોજન હાથ ધરે એ જરૂરી છે.

અંતમાં આપ સૌને વિનંતી કરું છું કે ઘરમાં રહો, સુરક્ષિત રહો અને સરકાર તથા સ્થાનિક પ્રશાસન દ્વારા અપાતી સુચનાઓનું પાલન કરો. સોશ્યલ ડીસ્ટન્સીંગનું અનુસરણ કરી પોતાની સુરક્ષાની કાળજી લો. આપ સૌને આરોગ્યપ્રદ તથા સલામત ભવિષ્યની શુભકામનાઓ.

**ડૉ. હિરાંચદ દંડ**
**મોબાઈલ નં. 7738508150**



**૭૨ જિનાલય તિર્થમાં પ.પુ.ગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગર સુરીશ્વરજી મહારાજા સાહેબના સળંગ ૫૩મા વર્ષીતપનું પારણું.**



**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# કોરોના વાઈરસ – ભાગ : ૧ યુદ્ધની ઉત્ક્રાંતિનો હાલનો તબક્કો

એકેન્દ્રિય થી માંડીને પંચેન્દ્રિય દરેક સજીવને જીવવા માટે સંઘર્ષ કરવો પડે છે. મનુષ્ય સિવાય બીજા સજીવોનો સંઘર્ષ મોટા ભાગે આહાર માટે અને અન્ય જીવોથી પોતાના રક્ષણ માટે એટલે કે અસ્તિત્વ ટકાવવા માટે હોય છે. પરંતુ મનુષ્ય સૌથી વધારે બુદ્ધિશાળી અને મહત્વાકાંક્ષી સજીવ હોવાથી તે માત્ર જીવવાથી કે અસ્તિત્વ ટકાવી રાખવાથી સંતુષ્ટ થતો નથી તેને અન્ય સજીવો પર અને અન્ય મનુષ્યોની માલ મિલ્કતો કે પ્રદેશ પર પણ વર્ચસ્વ જમાવવું છે, પોતાનું અધીત્યપણું સ્થાપિત કરવું છે. આ એક વરવું અને કડવું સત્ય છે. દુનિયા ભરના ઇતિહાસો, પુસ્તકો, મહાકાવ્યો અને શાસ્ત્રો આ સત્યને સિદ્ધ કરે છે, અને જેના કારણે અનેક સંઘર્ષો, ગૃહયુદ્ધો, યુદ્ધો, લડાઈઓ, વિપ્લવો, ક્રાંતિ થયા છે, થઇ રહ્યા છે અને થવાના છે. આ એક સતત અને નિરંતર પ્રક્રિયા છે. અને સમયાનુસાર આ યુદ્ધની પ્રકૃતિ અને પદ્ધતિ અલગ હોય છે. મનુષ્યને ધરતીકંપ, પૂર, અનાવૃષ્ટિ,અતિવૃષ્ટિ, દુષ્કાળ અને મહામારી કે રોગચાળા જેવી કુદરતી આફતો ઉપરાંત મનુષ્ય સર્જિત યુદ્ધ (આર્થિક કે સશસ્ત્ર) સામે પણ સજ્જ રહેવું પડે છે. મનુષ્યએ કુદરતી ઋતુ પરિવર્તન સામે પોતાના રક્ષણ માટે મકાનની રચના કરી અને ઠંડી, ગરમી તેમજ વરસાદની સામે રક્ષણ માટે વ્યવસ્થા કરી. મનુષ્યએ અન્ય સજીવોનો દૂધ માટે, સામાન અને સંદેશ વહન માટે, યુદ્ધ માટે, દવાઇઓ બનાવવા માટે, સૌંદર્ય પ્રસાધન બનાવવા માટે, દવાઓના પરીક્ષણ કે પ્રયોગ માટે અને ખાદ્ય પદાર્થ તરીકે ઉપયોગ કરેલ છે. જેમાં પશુ, પક્ષી અને જીવ જંતુનો સમાવેશ થાય છે. ઇતિહાસ બતાવે છે કે ભૂતકાળમાં અપરાધીને સજાના ભાગ રૂપે જંગલી અને હિંસક પ્રાણી જેવાકે વાઘ, સિંહ, હાથી, આખલા, સાપ અને મગરના હવાલે કરી દેતા. તો હત્યાની સાજિસ માટે કુતરા, સાપ અને વીંછી જેવા ઝેરીલા જાનવરનો ઉપયોગ થવાના અનેક ઉદાહરણો છે. આજના આધુનિક અને વૈજ્ઞાનિક યુગમાં જૈવિક યુદ્ધ અને હથિયાર ઉપર ભાર મુકવામાં આવે છે તેનું વિષકન્યા એ કદાચપ્રથમ જૈવિક હથિયાર માની શકાય. તેમ છતાં માંદગી કે બીમારી પણ મનુષ્યના અસ્તિત્વ માટે સમસ્યાઓ બનતી રહી, જેની સામે લડવા વિવિધ પ્રકારની ઉનાની, આયુર્વેદિક અને એલોપથી દવાઇઓ શોધાતી રહી. આપણા દેશમાં વર્ષો પહેલાં ઓરી, અછબડા કે શીતળા જેવી બીમારીઓ તો દૈવી પ્રકોપ મનાતી અને તે ના થાય માટે બહેનો અને માતાઓ વૃતો પણ રાખતી. શીતળા સાતમનો તહેવાર હજી પણ ભારતના મોટા ભાગના ગામડાઓમાં ઉજવાય છે. પ્રારંભમાં બીમારી થયા પછી દવાઓ અપાતી ત્યાર પછી બીમારી ના થાય માટેની રસીની શોધ થઇ અને વપરાશ થયો. મનુષ્ય પશુ, પક્ષી અને જીવ જંતુનો સારા નરસા કામો માટે ઉપયોગ કરે છે, અને તેમાં જે નરી આંખે ના દેખાય તેવા સૂક્ષ્મ જીવાણું કે વિષાણું પણ સામેલ છે, અને તેના માટે જૈવિક વિજ્ઞાન શાસ્ત્ર જેવી નવી શાખા કે વિષયનો વિકાસ થયો અને અનેક પ્રયોગ શાળાઓ પણ સ્થાપવામાં આવી. કારણકે દુનિયામાં રોગચાળાની જે મોટી મહામારીઓ આવી અને લાખો લોકોને ભરખી ગઈ તે સર્વેનું કારણ આ અદ્રશ્ય જીવાણું કે વિષાણું હોવાનું સાબિત થતા મનુષ્યે આ વિષય પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું. અબજો રૂપિયાનું રોકાણ આવી પ્રયોગશાળાઓ સ્થાપિત કરવાં અને શોધખોળ કરવા પાછળ લગાવ્યા.

અગાઉ જણાવેલ છે તે પ્રમાણે વિવિધ કારણોસર મનુષ્યની લડાઈ ચાલુ જ હોય છે. આદિ માનવની લડાઈ હાથો હાથ થતી હતી જેને મલ્લ યુદ્ધ કહેવાતું. પછી ગદ્દા, ભાલા અને તલવાર જેવા દ્વંદ્વ યુદ્ધ આવ્યા. ત્યાર પછી દૂરથી લડી શકાય તેવા ધનુષ-બાણ , ગોફણ, તોપ, બંદૂક, રાઇફલ, રિવોલ્વર, મશીનગનનો વપરાશ થવા લાગ્યો. ત્યાર પછી યુદ્ધ વ્યકતિગત નહીં રહેતાં રાષ્ટ્રો વચ્ચે કે અનેક દેશોના સમૂહ વચ્ચે થતાં યુદ્ધના સ્તર વિશાળ થવા લાગ્યા અને જેમાં એક અસ્ત્ર કે શસ્ત્ર થી ઘણી મોટી સંખ્યામાં લોકોની જાનહાની થાય તેવા બોમ્બ, અણુ કે પરમાણુ બોમ્બની શોધ થઇ અને ક્વચિત તેનો વપરાશ પણ થયો છે. હાલમાં તો ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ, રિમોટ કંટ્રોલ્ડ અને રોબોટિક્સ આધારિત યુદ્ધ હથિયારો બહુજ મોટા પ્રમાણ માં વિક્સિત દેશોમાં બનાવાય છે અને વપરાય છે. જેમ જેમ યુદ્ધના સ્તર, પ્રકાર અને પદ્ધતિ બદલાતી ગઈ તેમ તેમ મનુષ્યને બચાવ કે રક્ષણ માટે નવી નવી શોધો કે વ્યવસ્થા કરવી પડી. ઢાલ અને બખ્તર જેવા વ્યક્તિગત આયુધો, કિલ્લા,ગઢ, સુરંગો અને ખાઈ જેવા સામુહિક રક્ષણ માટેની વ્યવસ્થાથી માંડીને 'બંકર' જે ભારે બોમ્બાર્ડિંગ સામે ટક્કર લઇ શકે જેવી વ્યવસ્થા કે હવાઈ હુમલા માટે રડાર જેવી વ્યવસ્થા પણ કરવામાં આવી.

મોટા ભાગના આધુનિક યુદ્ધોમાં જાનહાની સાથે માલમિલ્કતની પણ હાનિ ખુબ થવા લાગી, જે આર્થિક હાની હોઈ મનુષ્ય એવું વિચારવા લાગ્યો કે કોઈ એવું અસ્ત્ર કે શસ્ત્ર બનાવવું જોઈએ જેનાથી માત્ર સજીવોનો જ નાશ થાય અને માલ મિલકત કે સંપત્તિને કોઈ નુકશાન ના થાય, અને આ રીતે મનુષ્યને જૈવિક યુદ્ધ અને તેના માટે જૈવિક હથિયાર જે વિષાણું કે જીવાણુંના રૂપમાં હોય તેનો ઉપયોગ કરવાનો રાક્ષસી, અમાનવીય કે પિશાચી વિચાર આવ્યો. યુદ્ધો તો સદીઓથી થતા આવ્યા છે અને પહેલા યુદ્ધ કે લડાઈમાં પણ નીતિ નિયમો કે આચાર સંહિતા હતી જેમકે સૂર્યાસ્ત પછી યુદ્ધ ના કરવું.

નિહથ્થા દુશ્મન પર વાર ના કરવો. પીઠ પાછળ વાર ના કરવો અને સૈનિક કે યોદ્ધા સિવાય અન્ય નાગરિકોને કોઈ નુકશાન ના કરવું. આ આપણી પ્રાચીન પરંપરા કે સંસ્કૃતિ હતી. પછી પાશ્ચાત્ય વિચારધારા પ્રમાણે યુદ્ધ અને પ્રેમમાં કૈં પણ વાજબી છે અને તેમાં નીતિ, નિયમ કે નૈતિકતાને સ્થાન નથી એવી વિચારધારા પ્રબળ બની અને આજે આ વિચારધારા પ્રમાણે સશસ્ત્ર કે આર્થિક લડાઈઓ લડવામાં આવે છે. હવે મનુષ્યોને કે રાષ્ટ્રોને આતંકવાદ, બીમારીઓ અને શત્રુ દ્વારા યુદ્ધ આ ત્રણ મોરચે લડવા માટે તૈયાર રહેવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે, જેના કારણે મોટા ભાગના દેશોમાં એમના વાર્ષિક બજેટનો બહુ મોટો હિસ્સો આ ત્રિપાંખિયા જંગ સામે લડવા માટે ફાળવવો પડે છે, જે એક વિશાળ આર્થિક સમસ્યાને જન્મ આપે છે. આની સરખામણીએ જૈવિક યુદ્ધ ઘણું જ સસ્તું પડે છે. તેથી વર્ષ ૨૦૧૫ માં માઈક્રોસોફ્ટના વડા બિલ ગેટ્સએ તેમના કોઈ પ્રવચનમાં આગાહી કરેલ કે હવે પછી આવનારા વર્ષોમાં જૈવિક યુદ્ધો લડાશે.

લગભગ પાંચ દાયકા પહેલાં દુનિયામાં અમેરિકા અને સોવિયત રશિયા બે દેશો વચ્ચે પોતાની સર્વોપરિતા સાબિત કરવા માટે સતત હરીફાઈ રહેતી અને આખી દુનિયાને આ બે દેશો લડાયક શસ્ત્ર સામગ્રી અને સરંજામ વેંચતા. ત્યારે એવી વાયકાઓ પ્રચલિત હતી કે દુનિયાના અન્ય દેશોને યેન કેન પ્રકારે લડાવીને આ દેશો પોતાના સંરક્ષણ સાધનો વેંચી રહ્યા છે. 'શીતયુદ્ધ' અને 'પ્રોક્ષી વોર' જેવા શબ્દ સમૂહ ત્યારે પ્રચલિત હતા. ત્યારે ભારત રશિયાની છાવણીનો દેશ અને પાકિસ્તાન અમેરિકાની છાવણીનો દેશ એવી પ્રબળ માન્યતા હતી. પછી સોવિયત યુનિયન એટલે કે રશિયાના અનેક ભાગલા પડી જતાં અમેરિકા અને ચીન વચ્ચે પોતાની સર્વોપરિતા સાબિત કરવા માટે હરીફાઈ અને હોડ ચાલુ થયા જે હાલમાં ચરમ સીમા પર છે.

ચીનના વુહાન શહેરમાં જૈવિક પ્રયોગશાળા છે, જેમાં અનેક પ્રકારના જીવાણું અને વિષાણું પર શોધ ખોળ અને પ્રયોગો કરવામાં આવી રહ્યા છે; જેનો હેતુ રોગોના પ્રતિકાર માટેની રસી અને જૈવિક હથિયાર તૈયાર કરવા માટેનો છે. ડિસેમ્બર ૨૦૧૯માં ચીનના વુહાન શહેરમાં લગભગ પરંપરાગત ફ્લૂ જેવા લક્ષણ ધરાવતા એક દર્દીને હાલની કોઈ જ દવા કામ ના લાગી અને તેનું મૃત્ય થયું. જેનું ઊંડું અધ્યન, સંશોધન અને પોસ્ટમોર્ટમ કરતાં એવું માલુમ પડ્યું કે શ્વસનતંત્રને લગતી અત્યાર સુધીની વિવિધ અને દરેક બીમારી કોરોના જૂથના વિષાણુ દ્વારા થતી હતી અને જેના ઉપચાર માટે હાલ બધી જ દવાઓ પણ કારગત હતી. પણ આ છેલ્લા બનાવમાં કોરોના જૂથનો તદ્દન નવા પ્રકારનો એક વિષાણુ મળી આવ્યો જેના માટે હાલમાં ના તો કોઈ દવા છે કે રસી છે. આ વિષાણુંને 'નોવેલ કોરોના વાઇરસ ૧૯' કે ટૂંક માં 'કોવીડ-૧૯' નામ આપવામાં આવ્યું અને આ રીતે ચીનને આકસ્મિક રીતે તૈયાર જૈવિક હથિયાર મળી આવ્યું. આ માહિતી ખુબ જ ગુપ્ત રાખવામાં આવી અને જે વૈજ્ઞાનિકે આ કોવીડ-૧૯ ના વિષાણુ કે જીવાણું શોધ્યા તેનું તરતજ શંકાસ્પદ સંજોગોમાં અવસાન થયું એટલે હાલ સમગ્ર દુનિયા ચીનને એક ખલનાયકના સ્વરૂપમાં જુએ છે. એ તો જગ જાહેર હકીકત છે કે ચીનમાં વર્ષોથી લગભગ બધા જીવ, જંતુ, પ્રાણીઓ અને પક્ષીઓનું માંસ ભોજન તરીકે, દવામાં કે સૌંદર્ય પ્રસાધન બનાવવા માટે વપરાય છે. અને તે બાબતના કોઈ વિડિઓ સોશ્યિલ મીડિયામાં ભાગ્યેજ જોવા મળતા. એક જમાનામાં ચીન અને રશિયા આ બે સામ્યવાદી વિચારધારા વાળા દેશો 'લોખંડી દીવાલ' ગણાતા કારણકે તે બે દેશોમાં શું થઇ રહયું છે તેની વિશ્વના અન્ય દેશોને ભાગ્યે જ ખબર પડતી. અખબારી કે માહિતી સ્વતંત્રતા ત્યાં બિલકુલ નહીં હતી અને માત્ર સત્તાધીશ પક્ષ તેને યોગ્ય લાગે તે માહિતી કે સમાચાર જગ જાહેર કરે તેવી આકરી અને લોખંડી વ્યવસ્થા ત્યાં હતી, જે હજુ પણ છે. પણ અચાનક જ જાન્યુઆરી મહિનામાં સોસીઅલ મીડિયા પર ચીનના વુહાનની માંસ-મચ્છી માર્કેટ અને ત્યાં મળતી કે બનતી અત્યંત ઘૃણાત્મક વાનગીઓના અને તેનું ભક્ષણ કરતાં ચીનાઓના વિડિઓની ભરમાર થવા લાગી. ત્યાર પછી જાન્યુઆરીના બીજા અઠવાડિયામાં વુહાનમાં કોવીડ-૧૯ ના કારણે મરતા મનુષ્યોના, હોસ્પિટલોના અને સૂના શહેરના વિડિઓની ભરમાર થવા લાગી અને એવો પ્રચાર થવા લાગ્યો કે ચીનાઓના અકુદરતી અને મૂંગા કે અબોલ પ્રાણીઓ પરના અમાનુષી અત્યાચારના કારણે કુદરત ચીન પર રૂઠી છે અને અબોલ પ્રાણીઓની હાય લાગવાના કારણે કોવીડ-૧૯ નો કુદરતી કહેર કે શ્રાપ ચીનને લાગ્યો છે, અને તેથી આખા જગતમાં શાકાહારની તરફેણ થવા લાગી. પ્રારંભમાં ચીન આ કોવીડ-૧૯ મહામારી એ કુદરતનો કહેર છે તેવો આભાસ ઉભો કરવામાં સફળ થયું, પણ પછી જે પ્રમાણમાં અન્ય દેશોમાં ખાસ કરીને જે રાષ્ટ્રો ચીનના મિત્ર દેશો નથી ત્યાં આ રોગચાળો બહુજ મોટા પ્રમાણમાં ફેલાતાં એ સાબિત થયું કે આ જૈવિક યુદ્ધનો પ્રારંભ છે. ચીનના વુહાન શહેરમાં જૈવિક પ્રયોગશાળામાંથી કોરોના વાઇરસ 'કોવીડ ૧૯' નું પ્રથમ માત્ર વુહાન શહેરમાં રિસાવ એટલે કે 'લીકેજ' આકસ્મિક નહીં પણ આયોજિત હતું, અને ત્યાર પછી દુનિયાના લગભગ ૧૬૦ દેશોમાં પ્રસરણ એ સંજોગ નહીં પણ પ્રયોગ છે. અસ્તુ.

**- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ)**
**કોઠારા -સુરત, મોબાઈલ: 9978903247**

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૯

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

મણકા ૮ માં આપણે જોયું કે ધર્મનાં સત્યની ખોજમાં કુદી પડી ધર્મનાં ઈતિહાસને જાણવો જરૂરી છે, અને તે માટે મનુષ્યનાં ઉત્ક્રાંતિવાદને.

આપ સૌ આદિમાનવથી આજના અતિ આધુનિક માનવે સર્જેલા વિકાસની ગાથાથી સુપેરે પરિચિત છો તેથી એ વિશે વધુ જાણકારી આપવી જરૂરી નથી, પણ ધર્મનાં ઈતિહાસનાં મૂળિયા શોધવા, ધર્મની ઉત્પત્તિની વિચારણા કરવા માનવની વિકાસ ગાથા જોવી, તપાસવી જરૂરી છે.

ઉત્ક્રાંતિના પ્રથમ ચરણમાં આદિમાનવનો શરૂઆતનો ડર જંગલી પશુઓનો હતો. આથી તે વૃક્ષ ઉપર રહેતો અને ફળફળાદિ તથા વૃક્ષોના પાંદડા ખાઈ જીવન નિર્વાહ કરતો. આવી રીતે વસતા મનુષ્યોમાંથી એક મનુષ્યને એક સુંદર સવારે વિચાર આવ્યો કે આમ ડરી ડરીને ક્યાં સુધી જીવીશું. જો આપણે સમુહૂમાં નીચે ઊતરીએ અને સાથે રહીને પશુઓનો સામનો કરીએ તો બીજા ઘણા લાભ આપણને મળે. ઘણા વૃક્ષવાસી મનુષ્યોને આ મનુષ્યનાં વિચાર પર ભરોસા ન બેઠો. અને તેઓએ આ મનુષ્યને એકલા નીચે ઉતરી પશુનો સામનો કરવા પડકાર ફેંક્યો.

વૃક્ષની એક જાડી ડાળી તોડી આ મનુષ્ય આખરે ખરેખર નીચે ઉતર્યો અને એ જાડી ડાળીની લાકડી બનાવી. પાસે આવતાં પશુઓને તેણે પોતાના બાવડાનાં બળે હાંકી કાઢ્યા. વૃક્ષવાસી મનુષ્યો તો જોઈ જ રહ્યા અને દંગ થઈ ગયા. બધાએ એકબીજા સામે જોયું અને પછી બધા હુ હુ હુ હુ કરતાં નીચે ઉતરી આવ્યા.

ઝાડાની ડાળીની લાકડી અને પથ્થર તેઓનાં હથિયાર બન્યા અને બધાએ સમુહમાં પશુઓનો સામનો કર્યો અને પશુઓને નાશી જતા જોઈ હર્ષની ચિચિયારીઓ પાડી. સૌથી પહેલો જે મનુષ્ય હિમ્મત કરી નીચે ઉતર્યો હતો તે અનાયાસે બની ગયો નાયક અને પાછળ ઉતરી આવેલા મનુષ્યોનો બન્યો પહેલો સમાજ. પાણી એ મુળભુત જરૂરિયાત હતી તેથી તે બધા નજીકની નદીને કિનારે જઈને વસ્યા.

આમ વસાહતો ઉભી થતી ગઈ અને તેમાંનો વધુ અનુભવી, સમજદાર બળવાન આદિમાનવ કબીલાનો સરદાર તરીકે પુજાવા લાગ્યો. નદીની ઉપયોગીતા જાણી આ કબીલાઓ નદીની પુજા કરવા લાગ્યા અને તેને પુજવા લાગ્યા. આજે પણ આપણે વારાણસી, હરીદ્વારમાં સંધ્યાકાળે ગંગા આરતિનો લાભ નથી લેતાં ? તેની પુજા નથી કરતાં ?

આદિમાનવ વૃક્ષ ઉપર રહેતો ત્યારે થોડાં વૃક્ષો અને તે ઉપર રહેતાં બીજા માનવોને જોતો હતો પરંતુ નીચે ઉતરી જ્યારે તેણે બે પગ ઉપર ઉભા રહી વિશ્વને જોયું ત્યારે તેને ખ્યાલ આવ્યો કે જગત તો અતિ વિશાળ છે.

તેણે સુર્યને ઉગતો-આથમતો જોયો, તેણે દિવસ અને રાતનો ભેદ જાણ્યો. રાત્રીનાં આકાશમાં તેણે ચંદ્રની કળા જોઈ. તેણે પુનમ અને અમાસની રાત્રીઓ માણી. નદી આગળ અને આગળ ક્યાં જાય છે તે જોવા તે મહાસાગર સુધી ગયો. અફાટ ઘુઘવતા મહાસાગરને જોઈ તો તે દંગ જ રહી ગયો.

જીવનમાં કોણ સગવડતા આપે છે અને કોણ અગવડતા આપે છે તેનો ભેદ આદિમાનવને અનુભવમાંથી જાણવા મળ્યો. હજી સુર્ય ઉગ્યો ન હોય તે પહેલાં ઉઠી જનાર એક આદિમાનવે જાયું કે સૂર્ય ઉગતાંની સાથે તેની આસપાસનાં જગતમાં અને સ્વંય પોતાના શરીરમાં એક ચેતન આવે છે. પક્ષીઓ કલરવ શરુ કરે છે. પ્રાણીઓમાં ગતિ આવે છે. ચારે તરફ પ્રકાશ દેખાય છે. અંધારાનો લાભ લઈ હુમલો કરતાં પશુઓ પોતાની બખોલમાં ભરાઈ જાય છે. જમીન પરનાં નાનાં છોડ સૂર્યની ગરમી મેળવી વિકાસ પામે છે. (હાઈ-ફાઈ ટાવરોનાં જંગલમાં વસતા અને રાત્રીનાં ૧૨ વાગ્યા સુધી ''વોટ્સએપ''નાં સંદેશાઓમાં રમતા અને મોડેથી ઉઠતા આજના અતિ આધુનિક માનવીને આ ''મોજ'' ક્યાંથી મળે.)

આથી આદિમાનવે સૂર્યને સૌથી પ્રથમ પોતાને અનેક સગવડો આપનાર શક્તિ તરીકે સ્વીકાર્યો અને તેના પ્રત્યે પોતાનો અહોભાવ વ્યક્ત કર્યો. આજનાં ધર્મની ભાષામાં વાત કરીએ તો આદિમાનવે અને ત્યાર પછી તેના વંશજોએ સૂર્યને ''દેવ'', ''સુર્યનારાયણ'' અને જગતનાં ચાલક તરીકે સ્વીકાર્યા. જે સ્વીકૃતિ આજની તારીખમાં પણ ચાલુ છે.

(વધુ આવતાં અંકે...)

# વરસીતપના કચ્છી દશા ઓસવાલ તપસ્વીઓએ સુખરૂપ પારણું કર્યું તે તપસ્વીઓની યાદી

ઉર્મિલા હેમચંદ ભવાનજી નાગડા, લાલા-ખિરકીયા
હરીશ રામજી લાલજી ખોના, નલિયા-ઘાટકોપર
મનીષા હરીશ રામજી ખોના, નલિયા-ઘાટકોપર
સોમચંદ લખમશી લાલજી ધરમશી, નાની સિંધોડી-મુલુંડ
અપેક્ષા દર્શન ખુશાલ મૈશેરી, નાની સિંધોડી-વાપી
દર્શક ખુશાલ ધનજી મૈશેરી, નાની સિંધોડી-વાપી
ઉત્તમ ખીમજી દેવજી મૈશેરી, નાની સિંધોડી-રાયપુર
સોનલ દીપક દેવશી મૈશેરી, નાની સિંધોડી-ડોંબિવલી
ચેતના ઝવેરચંદ કાનજી પોલડીયા, ડુમરા-વસઈ
ચિમનલાલ નાગશી નેણશી મોમાયા, ડુમરા-હુબલી
યોગેશ માણેકજી વેલજી કુરૂવા, ગોધરા-સાંગલી
પુષ્પાબેન સુરેશ માણેકજી કુરૂવા, ગોધરા-ડોંબિવલી
ધારિણી સુરેશ માણેકજી કુરૂવા, ગોધરા-ડોંબિવલી
ચંદ્રકાંત હેમરાજ પુનશી મૈશેરી, જખૌ-હૈદ્રાબાદ
ચર્મી નિખિલ વિજય મૈશેરી, જખૌ-જલગાવ
હિતેશ મોતીચંદ કરમશી શિયાલ, જખૌ-રાયપુર
ગૌરાંગી કમલેશ જૈન, જખૌ-સાંતાક્રુઝ
દક્ષા રિધ્ધિશ બિપીન છેડા, જસાપર-ડોંબિવલી
રિધ્ધિશ બિપીન વિસનજી છેડા, જસાપર-ડોંબિવલી
હંસા વિજય લીલાધર લાપસીયા, દલતુંગી-નાંદેડ
વિજય લીલાધર ગાંગજી લાપસીયા, દલતુંગી-નાંદેડ
રમેશ હિરજી વેલજી લોડાયા, દલતુંગી-ડોંબિવલી
ચેતન માણેકજી વેરશી નાગડા, પરજાઉ-તિરૂપુર
મિનલ ચેતન માણેકજી નાગડા, પરજાઉ-તિરૂપુર
વિભા ગિરીશ પુનસી મુનવર (વોરા), રંગપુર-મુલુંડ
કોકિલા ગિરીશ લાલજી દેસાઈ, સાંયરા-રાયપુર
મિનલ ગંગાજર કેશવજી મોમાયા, સાંયરા-ચેન્નઈ
અંજના રાજેન્દ્ર ઉમરશી લાપસીયા, સાંયરા-રાયપુર
નિલેશ રાયચંદ ભવાનજી ધરમશી, કોઠારા-બાંદ્રા
દિલિપ ટોકરશી શામજી લોડાયા, કોઠારા-ડોંબિવલી
મનિષા દિલિપ ટોકરશી લોડાયા, કોઠારા-ડોંબિવલી
અલકા હિરાચંદ ધરમશી, સુથરી-યવતમાલ
મિના ભરત કલ્યાણજી પીર, સુથરી-મુલુંડ
લલીત નરશી પદમશી લોડાયા, સુથરી-ટિટવાલા
વિનોદ કુલીનકાંત પદમશી ડાઘા, વરાડિયા-મુલુંડ
સંગિતા ભરત હંસરાજ વિકમશી, વારાપધર-ડોંબિવલી
રૂપાલી લિતિન ખીમજી મોતા, વારાપધર-હૈદ્રાબાદ
મીનકલ મોહિત કિશોર લોડાયા, તેરા-આનંદ
મોહિત કિશોર કલ્યાણજી લોડાયા, તેરા-આનંદ
મેઘના સુનિલ નવીનચંદ્ર ખોના, વાંકુ-જલગાવ
માલિકા ખિરેશ લલિત દંડ, છાદુરા-મુલુંડ
રિતેશ મુલચંદ હિરજી ગડા, ગોએરસમા-રાયપુર
અનુરાધા સંજય રાયચંદ ગડા, ગોએરસમા-રાયપુર
હિરાચંદ રાયચંદ કાનજી ધુલ્લા, સુથરી-મુલુંડ
મિનાક્ષી કિરીટ હંસરાજ ડાઘા, વરાડિયા-મુલુંડ
અજય લક્ષ્મીચંદ વિસનજી ધરમશી, કોઠારા-બીજાપુર

## સાધર્મિક ભક્તિનો લાભ લેવા નિવેદન

ડોંબિવલીના ૧૦૦૦થી વધુ આપણા પરિવારને જીવન જરૂરિયાતની વસ્તુઓની કીટ મે મહિનામાં અર્પણ કરવાનો લાભ લેવા વિનમ્ર નિવેદન. એક કીટનો લાભ રૂા. ૧૫૦૦/-માં લઈ શકશો. રકમ બેંક ખાતામાં જમા કરાવી ફોન/મેસેજ જરૂરથી કરશો.

બેંક એકાઉન્ટની વિગત : Shree Achalgachha Jain Sang, Dombivali
Bank of Baroda, IFCC Code : BARBODOMBIV A/c No. 07330100021108
રૂા.૧૫૦૦/-નો સહયોગ આપી એક સાધર્મિક પરિવારના એક મહિનાના આધાર બનો.

# કોરોનાથી પ્રગટ થયા માનવીય ગુણો

છેલ્લા એક મહિનામાં કોરોના વાઈરસે આપણને એ અનુભવ આપ્યો છે કે કોઈ પણ અપેક્ષા વગર સમાજની સેવા કરવી કેટલી મહાન બાબત છે.

કોરોના વાઈરસને કારણે કરૂણાના અસંખ્યા ઝરણા દેશમાં વહેતા થયા છે. એમાના બધા ઝરણા અંગેની માહિતી અખબારોમાં કે ટીવી પર પ્રગટ થવાની નથી.

કોરોના વાઈરસ આપણા બોલાવવાથી નથી આવ્યો, પરંતુ જ્યારે એ આવી જ ગયો છે ત્યારે એનો લાભ લેનાર જ ભડવીર કહેવાય.

આવો જ એક ભડવીર મને મળ્યો. ઐરોલી-મુંબઈમાં રહેનાર ભાઈ નીપેશ હીરાચંદ પટેલ ઐરોલીથી વાશી પોતાની ઓફીસ જવા, ઓફીસમાં રહેતી માછલીઓ, કાગડા, કબુતરો અને કુતરાઓને ખોરાક આપવા માટે કલેક્ટર પાસેથી પાસ કઢાવેલ છે.

રોજ વહેલી સવારના નિકળવાનું રસ્તામાં એણે જોયું કે ઘણા માણસો બીચારા એકલા ઉભા છે. કોઈને ચા મળવાની શક્યતા નથી. તરત ડીસીજન લઈને એમના માટે ચા બનાવીને બધાને આપી. હવે છેલ્લા મહિનાથી નિત્યક્રમ થઈ ગયો છે કે ઐરોલીથી વાશી જતા માણસોને સવારના ચા અને બીસ્કીટ આપવાના.

આ શુભ કાર્યમાં એના ધર્મપત્નિ વંદના માતુશ્રી હંસાબેન પટેલ, ભાઈ-ભાભી નિલેશ અને તૃપ્તિ તેમજ બાળકો જીનેશા અને પ્રિતેશ બધા નો સહયોગ મળ્યો છે. સવારના આખું ઘર વહેલા ઉઠીને મદદ કરે છે.

આ અંદરની સ્ફુરણા છે અંતરથી કરૂણા ઉપજે એજ ધર્મ કેહેવાય. બાકી તો દેખાદેખી કહેવાય. જગતમાં માણસાઈના દીવા કાયમ છાનામાના જ પ્રગટ થતા રહે છે. ખરા ધર્મનું સાચું સ્વરૂપ આ જ છે.

માનવતાને ગીતા, કુરાન, બાઈબલ કે આગમમાં શોધવાની નથી. જ્યાં પણ નિઃસ્વાર્થ કરૂણાનું ઝરણું વહેતું થાય ત્યાં જ ધર્મ હોય છે. એને જ ધર્મ કહેવાય. આમાં જ ધર્મતત્વનો સાર આવી જાય છે કે કોરોનાથી આપણને પ્રેમ અને કરૂણાના જે પાઠ શીખવા મળી રહ્યા છે તે ઓછા મૂલ્યવાન નથી.

આટલા મોટા પાયા પર મળતું સમુહ શિક્ષણ રોજ મળે અમે જન માનસ કેળવાતું જાય તો કદાચ આ મહામારી પણ વસૂલ છે.

આ જોઈને મને એક પંજાબી કહેવત યાદ આવી, ઔખે વેલેનું સૌખે જીના જિંદગી હૈ. એટલે કે મુશ્કેલ સમયને સરળતાથી જીવવું જ જિંદગી છે. વર્તમાન મુશ્કેલ સમયમાં તમે જિંદગીને થોડી સરળ બનાવવા માટે એવું કરો જેમાં તમે શ્રેષ્ઠ છો. આ જ જીવનની સાચી રીત છે.

– પ્રવીણ લોડાયા


**What next SSC, HSC ?**

**FREE IQ & APTITUDE TEST, FREE COUNSELLING & CAREER GUIDANCE FOR SSC, HSC, UNDERGRADUATES & GRADUATES**

Maharshi Dayanand Foundation IAS Academy, Dadar has organised FREE IQ & APTITUDE TEST and FREE CAREER GUIDANCE Seminar For SSC, HSC and college students to clear their all doubts, confusion, queries and worries regarding selection of future successful career.

Live, Logical and Psychological Questions, Spontaneous Observation and Practical Demo during Guidance Session will help for confirming Liking and Disliking of students and to decide which Educational Streams like Arts, Commerce, Science, Medical, Engineering, Law, Management, Computer or any other Career which will be more better, ideal, suitable and beneficial to students as per their Liking, Interest, IQ and APPTITUDE.

Maharshi Dayanand Foundation IAS Academy has very big library in Dadar for preparation of all Top Level Entrance Exams like

Medical-NEET, IIT-JEE Engineering, IIT-JAM, CET-Engg CET-MBA, IIM-MBA-CAT, LLB-CLAT, CET NATA, NID, NIFT, UCCD NET-SLET, CA, CS, ICWA, Abroad Going Exam SAT, TOEFL, IELTS, GRE, GMAT, CFA, CPA, USMLE, PLAB and Prestigious Government Job Oriented Exams Like IAS, IPS, IFS, IRS, Customs, Income Tax, CBI, DRI, GST, ED-Enforcement Directorate, Railway, IBPS-Banking, Insurance, State Public Service Commission and Further Studies Exams Information and Preparation.

You can get more details in GOOGLE, Enter “VRAJ PATEL DADAR”, or Maharshi Dayanand Foundation IAS Academy.

All link will open about Activity and Media Coverage of Library including International Platform TED EX, TED TALK Interview of Vraj Patel taken by them.

Parents must join with students. You can inform and invite your friends and relatives also. After seminar students and parents can ask their specific or personal doubts and queries regarding selecting a particular Choice Career.

Weekly Timing Every Saturday 3 PM, after Corona Lockdown is over.

**VENUE : VRAJ PATEL**

**Maharshi Dayanand Foundation IAS Academy Library**

Palm View, A Wing, First Floor, Lakhamshi Napoo Road, Near Swami Narayan Temple,
Opp: Vidyalankar Classes, Dadar-East, Mumbai-14. **Mobile No.: 9867222210, 8779679770**

# અનુભવનું અમૃત

## વ્યથા

સાંજનો સમય હતો. ભીખારીએ આખા દિવસમાં રુપિયા એકેક કરી ભીક્ષા માંગીને સાંજ સુધી લગભગ રુ. ૩૦/- જેટલી રકમ ભેગી કરી લીધી. આજે પર્યાપ્ત રકમ ન હોવાથી હોટલમાંથી પૂરતું ભોજન મળે તેમ ન હતું.

કેટલા દિવસથી સ્નાન ન કરેલ હોવાથી વર્ણ પણ મેલો અને ગંદો હતો. સૂવા માટે રોજ જગ્યા શોધવી પડતી. ફુટપાથ જ રાત્રીના સુવાનો આસરો હતો. પરંતું શરત એ હતી કે જ્યાં સુધી અવરજવર સમાપ્ત ન થાય ત્યાં સુધી જાગરણ કરવું જ પડે.

પોલીસ પણ અંતરાયમાં તત્પર રહેતી. કેમકે સરકારી જગ્યા ઉપર કોઇનો વ્યક્તિગત અધિકાર હોય જ નહીં જેથી તેમને પણ ફરજ પ્રત્યેની સભાનતા સ્વાભાવિક જ હોય! આવી જ અસહનીય જીંદગી રોજ જોવાની. સ્વપન તો ભૂલમાં પણ ન જોવાય તેવું દુષ્કર જીવન.

આજે રકમ માત્ર રુ. ૩૦/- જ મળી હતી જેથી સવાર અને બપોરનું ભોજન પણ ન મળ્યું. કહેવાય છે ભગવાન ભૂખ્યા ઉઠાડે પણ ભૂખ્યા સુવાડે તો નહીં જ! આ લોક વાયકા છે. ફુટપાથ ઉપર રહેલા ફાસ્ટ ફૂડની લારીઓ ઉપર ભોજન માટે ફરવા લાગ્યો. પરંતું લોકો (વેચનાર અને ખાનાર) તેને ભીખારી સમજીને હડધૂત કરવા લાગ્યા. આમેય મેલા માણસોને જોઇને ગ્રાહકને સાચવવાની લાલચમાં વાસ્તવિક પરિસ્થિતિ લોકોને ક્યાંથી સમજાય!

અચાનક તેને સમજાય છે કે અત્યારે તો હું ભીખ નથી માંગી રહ્યો! મારે તો મારી ભૂખ ભાંગવી છે. એટલે તે ફરતો ફરતો પાણીપુરીની લારી પાસે પહોંચી ગયો અને બુદ્ધિ વાપરી તરત જ ફાટેલા ખીચ્ચા માંથી રુ.૩૦/- કાઢવા જતા માત્ર રુ. ૨૦/- જ નીકળ્યા! ફરી ફરી રુ. ૧૦/-ને તપાસવાની અસફળ કોશિશ કરી, પણ ક્યાંથી નીકળે! ખીસ્સું ફાટેલું હતું, તેને હવે સમજાઇ ગયું. નક્કી રસ્તામાં ક્યાંક પડી ગયા લાગે છે.

એણે તો પ્રથમ રુ. ૨૦/- પાણીપુરી વેંચનારના હાથમાં આપી કહ્યું ભાઈ પાણીપુરી આપશો. હવે તેની પાસે રકમ બતાવ્યા વગર છૂટકો જ ન હતો. વેંચનારે એક પ્લેટ માત્ર ૬ પાણીપુરી સાથે રુ. ૫/- પાછા આપ્યા. ભીખારીના આંખમાં દળદળ આંસુ આવ્યા. તેના દર્દ ભર્યા આંસુને લુછનાર કોઇ જ ન હતો.

જે પણ વ્યક્તિ એમ સમજતો હોય કે હું દુનિયાનો સૌથી દુઃખી છું તો આ વાંચી સમજી લે કે મારી પરિસ્થિતિ તો આ વ્યક્તિથી સારી છે કે ખરાબ? આ બનેલ ઘટનાને ખરેખર સમજવી જ રહી. માત્ર આપણા અને પરિવાર પુરતું ન જીવવા કરતાં આપ આપના સુખનો એક અંશ ઓછો કરશો તો કોઇના જીવનની શાતા બની રહેશે. ક્યારેક આપ ફાસ્ટ ફૂડ કે ભોજન માટે ક્યાંક ગયા હો અને આપની સમક્ષ આવા પ્રકારના વ્યક્તિની ઉપસ્થિતિ થાય તો સાહેબ વગર વિચાર્યે આપની શક્તિનુસાર જરુર ભોજન કરાવજો. આપને નક્કી રુપિયા નો મોહ છૂટી જશે!

- લિ. **જીજ્ઞેશ ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા**
(વારાપધર-ડોંબિવલી)

## કોરોના અને આપણે

વાહ રે કુદરત ..

મોંઘા મોંઘા કપડાં કબાટમાં લટકાવી દેવામાં આવ્યા અને બ્રાન્ડ વિનાનું માસ્ક જીતી ગયું.. એમ કહેવાય છે કે ચાઈનાની વસ્તુઓ ટકતી નથી પણ નુકસાન કરાવી જાય છે અને સાચે હમણાં એવું જ લાગી રહ્યું છે. વિશ્વ આખામાં આ ચાઇનીસ વાયરસના મોતનો વાયરો એવો ચાલ્યો છે જાણે શ્વાસનો વેપારી ઉઘરાણીએ નીકળ્યો છે.

સ્કૂલમાં પરીક્ષાઓ પુરી થઇ અને મારી દીકરીઓને વેકેશન પડ્યું અને એ લોકો ગયા મારા સાસરે એટલે એમના નાનાણે... અને સમયની બલિહારી આજ સમયે લોકડાઉન જાહેર થયું, અને કદી ના રોકાતો સમય જાણે રોકાઈ ગયો, કામકાજ ઠપ્પ થઇ ગયા. અને હું અટવાઈ ગયો મસ્જિદબંદર મારા ઘરે. બે ત્રણ દિવસમાં તો એકલું ઘર જાણે ખાવા દોડતુ હોય એમ લાગવા માંડ્યું .

એવામાં મારા મિત્ર ભાવેશભાઈ અને ક્રિષ્ના ભાભી એ મિત્રતાના હક્કથી મને બોલાવી લીધો. એમના ઘરે મુલુંડમાં લોકડાઉનના ૩ અઠવાડિયા મેં મારા મિત્રના ઘરે એમના પરિવારના સભ્યની જેમ વિતાવ્યા. અને આ સમય માં ઘણું બધું એવું કરવા મળ્યું. જે કદાચ વ્યસ્ત જીવનમાં કરવા ના મળત.. ૨૩ દિવસ માં ૩૨ જેટલા પિક્ચરો જોઈ નાખ્યા.. રોજિંદી જિંદગીને જાણે એક અલગ સમય સરણીમાં ઢાળી દીધી હતી. મિત્રના ઘરે રોકાયો હોવાના સમાચારે મારા ફુઈઆઈ ભાઈ હિતેશ અને રીટાભાભી પ્રેમભાવે નારાજ થયા અને મને એમના ઘરે તેડી ગયા. સંબંધોની સાચી પરિભાષા આવા સમયેજ સમજાય છે..અહીંયા રોજ કંઈક

નવી વાનગીઓ (રસોઈ)નો આનંદ માણી રહ્યો છું.

આ બધી વ્યસ્તતા વચ્ચે પણ હૃદયમાં વિષાદ છે મારી પુત્રી અદિતિ અને આયુષી તેમજ પત્ની પ્રીતિ સાથે હોવાનો, સાથે એટલી ધરપત પણ છે કે તેઓ ત્યાં સલામત છે

અંતે એક વાત તો મનમાં આવે છે કે, ''ખુશ રહા કરો હર પલ અનંતનાથ દાદાકી કૃપાસે, હમસે ભી બહોત મુશ્કેલીમે કુછ ઇન્સાન હૈ ઇસ દુનિયા મે.''

**– હિરેન નવીન લાપસીયા,**
**રંગપૂર (મસ્જિદબંદર–અનંતનિવાસ)**



**૩ મે ના જામનગર પાસે રંગપુર મુકામે જિનાલયની ૩૧મી ધજાનો કાર્યક્રમ સાદાઈથી ઉજવાયો હતો.**



**૩ મે ના કાંજુરમાર્ગ ખાતે વિમલનાથ દાદાનો ધ્વજા મહોત્સવ સાદાઈથી સંપન્ન થયો.**

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા – 92234 25676

*With Best Compliments from*

**BLUE MOON GROUP**

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH
**PARSHWANATH**
ENTERPRISE PVT. LTD.
99309 82061 / 91672 44022
tilakshah60@yahoo.co.in
Veeran Shah - 99304 75442

CONTACT FOR
**Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.**

AVANI YASHWIN
**HAPPY IN THE HEAD STUDIO**
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP
98196 22325
happyintheheadstudio@gmail.com

ADDRESS
**Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050**

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

# ધન્ય બન્યા... ધન્ય બન્યા... ધ્વજા રોહણ મહોત્સવમાં ધન્ય બન્યા

## સાંધવ નગરે શાંતિનાથ દાદાની શિતલ છાયામાં ૧૫૪મી ધ્વજા રોહણનો નિયાણી બહેનોએ પ્રસંગ બનાવ્યો યાદગાર

ગુરૂકૃપાએ પ્રભુ મીલે... પ્રભુ કૃપાએ ગુરૂ મીલે... મહાજનશ્રીના વિનંતીથી તપચક્રવર્તી પ.પૂ.આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આજ્ઞાવર્તીર્થી પ.પૂ. વરસીતપ આરાધક મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ.સા., પ.પૂ. મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા., પ.પૂ. મુનિરાજ શ્રી આર્યરત્નસાગરજી મસા. તથા પ.પૂ. સા.ભ. શ્રી પુર્ણગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.ભ. આનંદકિરણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.ભ. જ્ઞાનેશગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.ભ. હિતાર્થગુણાશ્રીજી મ.સા., પ.પૂ. મણીભદ્રસાગરજી મ.સા.ના સમુદાયના ૩૫-૩૫ ઠાણા સાધ્વીશ્રી ભગવંતો પધારેલ.

સાથે બે - બે મુમુક્ષુ બહેનો સાથે ગઢશીશામાં જેમની દિક્ષા થયેલ. એવા મુમુક્ષુ કલ્પનાબેન ડીગ્રસવાળા પધારેલ. પ.પૂ. ગુરૂભગવંતોના આગમનથી ધ્વજા મહોત્સવમાં નિયાણી બહેનોના પ્રસંગને ચાર ચાંદ લાગી ગયા. ૪૨-૪૨ ગુરૂભગવંતોની નિશ્રા સાંધવ સંઘને પ્રાપ્ત થયેલ.

**તા. ૪-૨-૨૦૨૦ મંગળવાર** મહોત્સવનો પ્રથમ દિવસ : સવારના પ.પૂ. ગુરૂભગવંતોનું ભવ્યાતિભવ્ય સામૈયું, મુંબઇથી સંઘની પધરામણી સર્વે દાતા પરિવારોએ ઉલ્લાસપૂર્વક મહોત્સવમાં લાભ લીધેલ. **સાંધવ નગરમાં બિરાજમાન સર્વે દેવ-દેવી-દેવતાઓને વસ્ત્રો અને નૈવેધ ચડાવવાના લાભાર્થી :** પ્રિયાંશી, દેવાંશી, પ્રિશા જયેશ માણેકજી લોડાયા (મુલુંડ) લાભ લીધેલ. **તોરણબંધન લાભાર્થી :** ખમાબાઇ પદમશી (રવા), **સવારના નૌકારશીના લાભાર્થી :** શા. મુરજી દેવજી દંડની દિકરી વાલબાઇ સોમચંદ ધુલ્લા (સુથરી), **પંચકલ્યાણક પૂજાના લાભાર્થી :** કાંતાબાઇ ખીમજી લોડાયા (લાલા), **સાધર્મિક ભક્તિના લાભાર્થી :** શા. મેઘજી ખેતશી લોડાયાની દીકરીઓ, પૌત્રીઓ, પરપોત્રીઓ, **શ્રી ઋષિમંડલ મહાપૂજનના તેમજ ચા-કોફી-ફ્રુટના લાભાર્થી અને રૂા. ૧૦ ની પ્રભાવના :** માતુશ્રી મુરબાઇ માલશી પત્રામલ લોડાયાની દીકરીઓ, પૌત્રીઓ, પરપૌત્રીઓ, દોહીત્રીઓ, **ચૌવિહારના લાભાર્થી :** શા. લક્ષ્મીચંદ નથુ ખોનાની દીકરી કાંતાબાઇ જીવરાજ મોતા (વારાપધર), **પ્રભુજીની ભવ્ય અંગરચના લાભાર્થી :** શા. દેવશી નાથાભાઇ દંડની પૌત્રીઓ, પરપૌત્રીઓ. **રંગોળી - દીવડાઓની બે દિવસના લાભાર્થી :** માતુશ્રી સુશીલાબાઇ બકીમચંદ્ર મૈશેરી (સાંયરા), **શ્રી મહાકાળી માતાજી ભાવના ભક્તિભાવનાના લાભાર્થી :** શા. મુરજી દેવજી દંડની દીકરી - આશબાઇ રાઘવજી લોડાયા હસ્તે વિજયાબેન વિરેન્દ્ર લોડાયા (બાંઢીયા), રાત્રે મહેંદી રસમ સર્વે નિયાણી બહેનો તરફથી, સર્વે જણને ગીફ્ટ પર્સ તેમજ મહેંદી લગાડનાર બહેનોને રૂા. ૧૦૦ની પ્રભાવના પ્રિતીબેન પ્રકાશ માણેકજી લોડાયા (થાણા) તરફથી કરવામાં આવેલ.

**તા. ૫-૨-૨૦૨૦ બુધવાર** મહોત્સવનો બીજો દિવસ **નવકારશીના લાભાર્થી :** શા. પદમશી કલ્યાણજી ખોનાની દીકરીઓ પૌત્રીઓ, દોહીત્રીઓ.

ભવ્યાતિભવ્ય રથ યાત્રા (વરઘોડો) સુંદર રથમાં બિરાજમાનશ્રી પરમાત્મા ત્રણ - અશ્વો પર ધર્મ ધ્વજા લહેરાવતા ભૂલકાઓ, નગર ધારાવડી કરવા રાજમાર્ગથી રથયાત્રા સાથે બગીઓમાં બેસી વરસીદાન કરતા ૩-૩ મુમુક્ષુઓ, ભક્તિમાં તરબોળ કરાવતા પખાવાજ ઢોલ શરણાઇ શણગારેલી બે વેલો, બેડા લઇને ચાલતી બહેનો, વરઘોડો પુર્ણ થયા બાદ પ્રભુજીને પોખવામાં આવેલ. **પોખવાના લાભાર્થી :** તેજલ વિનિત ખોના નલિયા. **પ્રભુજીને તેડી ને રથમાં બેસવાના લાભાર્થી :** અમીતાબેન દીપેશ છેડા (સુજાપર) અને કુ. પ્રીશા હીરેન દંડ (મુલુંડ). **બગીના લાભાર્થી પરિવારો :** ૧) શ્રી મણીલાલ પદમશી ખોનાની દીકરીઓ, ૨) કલ્પનાબેન ભવાનજી લોડાયાની દીકરીઓ, પૌત્રીઓ, ૩) શા. નરશી વિરમ લોડાયાની દીકરીઓ, પૌત્રીઓ. **વેલમાં બેસવાના લાભાર્થી :** શ્રી ભરત મેઘજી ખોનાની દીકરીઓ, ૨) શ્રેયા પ્રવિણ કુંવરજી મોતા (ડોંબિવલી), **અશ્વોપર બેસવાના લાભાર્થી :** ૧) કુ. પલક, પ્રિયાશી રાજેશ પટેલ, ૨) વિયાન વિનિત ખોના. **સાધર્મિક ભક્તિના લાભાર્થી :** શા. માણેકજી કેશવજી લોડાયા (લોખંડવાળા)ની દીકરીઓ, પૌત્રીઓ, પરપૌત્રીઓ, દોહીત્રીઓ. **શ્રી શાંતિનાથ મહાપૂજનના અને કેશર પ્રભાવનાના લાભાર્થી :** શા. લાલજી શામજી પટેલ, શા. ઠાકરશી લાલજી પટેલ, શ્રી ગોવિંદજી લાલજી પટેલની દીકરીઓ, **ચા-કોફી-ફ્રુટના લાભાર્થી :** લીલાવંતીબેન હીરાચંદ નાગડા (નલીયા), **ચૌવિહારના લાભાર્થી :** શા. ભાણજી દેવજી દંડની દીકરીઓ, પૌત્રીઓ, પરપૌત્રીઓ. **ભક્તિભાવના-દાંડીયા રાસના લાભાર્થી :** શા. મુરજી દેવજી દંડની દીકરી લક્ષ્મીબેન શાંતિલાલ ધરમશી (અરિહંતકાર) સુથરી. **પ્રભુજીની ભવ્યાતિભવ્ય ફૂલોની રંગરચના તેમજ મહાપૂજાના લાભાર્થી પરિવાર :** ૧) દક્ષાબેન ખીમજી દંડ, ૨) હીના દિનેશ મૈશેરી (મોટી સિંધોડી), ૩) જયાબાઇ ચત્રભોજ દંડ (મંજલ રેલડીયા), ૪) કાંતાબાઇ ખીમજી મોમાયા અને હીરલ અનીલ મોમાયા (વરાડીયા) - વિમલા જવેરચંદ ડાઘા (દલતુંગી).

**તા. ૬-૨-૨૦૨૦ ગુરૂવાર** મહા સુદ ૧૩ ધ્વજા રોહણનો ત્રીજો દિવસ સવારના ૫.૦૦ કલાકે. **શ્રી વર્ધમાન શક્રસ્તવ મહાભિષેક તેમજ શાંતિકળશના લાભાર્થી :** શ્રી ઝવેરચંદ મેઘજી ખોનાની દીકરીઓ. **નવકારશી, સાધર્મિક ભક્તિ, ચા-કોફી-ફ્રુટના લાભાર્થી :** શા. નરશી ચત્રભોજ દંડની દીકરીઓ, પૌત્રીઓ, પરપૌત્રીઓ, સવારના સતરભેદી પૂજા ભણાવવામાં આવેલ. ૧૬ પૂજાની ગાથામાં ભાગ્યશાળી નિયાણી બહેનોએ લાભ લીધેલ. **ધ્વજા ચડાવવાના લાભાર્થી :** શા. આણંદજી હીરજી ખોના, શા. પદમશી કલ્યાણજી ખોના પરિવાર. **ચૌવિહારના લાભાર્થી :** માતુશ્રી વાલબાઇ નરશી દંડની દીકરીઓ, પૌત્રીઓ, પરપૌત્રીઓ. **પ્રભુજીની અંગરચનાના લાભાર્થી :** શા. વિસનજી ચત્રભોજ દંડની પૌત્રીઓ. **ત્રણ દિવસ પશુઓ, પક્ષીઓ અને કુતરાઓના**

# સાંધવ નગરે શાંતિનાથ દાદાની શિતલ છાયામાં ૧૫૪મી ધ્વજા રોહણનો નિયાણી બહેનોએ પ્રસંગ બનાવ્યો યાદગાર

**જીવદયાના લાભાર્થી :** પ્રિયાંશી, દેવાંશી પ્રિશા જયેશ લોડાયા, (મુલુંડ). **વર્ષીદાન તેમજ અનુકંપા દાનના લાભાર્થી :** સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી જૈન (કોઠારા). **પ્રભુભક્તિ ઉજમણુંના લાભાર્થી :** શા. લાલજી શામજી પટેલની દીકરીઓ, પૌત્રીઓ, પરપૌત્રીઓ, **જિનાલય રોશની સુશોભન લાભાર્થી :** અ.સૌ. લક્ષાબેન નેમ સોની, જાનવી નેમ સોની (સુથરી), **ભુજથી સાંધવ તુફાન પ્રવાસના લાભાર્થી :** તા. ૩-૨-૨૦૨૦ અને ૪-૨-૨૦૨૦ના સૌમ્ય, કેતન કારાણી, અવની ગીરીશ મોતા, સિમરન ગીરીશ મોતા, હીરલ જીતેન મોતા, હસ્તે પ્રીતી પ્રકાશ લોડાયા (થાણા), **મુંબઈથી ભુજ આવવા જવાની ટ્રેનની ટીકીટ નિયાણી બહેનોનો લાભાર્થી :** શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા, શેઠશ્રી શામજી નરશી દંડ, શ્રી રસીક દેવરાજ લોડાયા, વિરચંદ મેઘજી ખોના, પ્રવિણ કુંવરજી મોતા, વિપુલ ઠાકરશી પટેલ. **હસ્તીનાપુર નગરી એવમ જગડુશા નગરીના લાભાર્થી પરિવાર :** માતુશ્રી સોનલબેન સુરેશ ખોના (વાંકુ), પુત્રી સ્વ. પ્રીતી, પુત્ર-પુત્રવધુ અ.સૌ. કુંતી દીપેશ ખોના (બેંગલોર), પૌત્રી ક્રેયા દિપેશ ખોના. **પત્રીકાના લી. :** સાંધવરત્ન મુરજી રાઘવજી લોડાયા પરિવારની સુપુત્રી અ.સૌ. જયશ્રીબેન કાંતિલાલ દંડ, અ.સૌ. આશાબેન નરેશ સોની, અ.સૌ. મનિષાબેન બકુલ પાટીલ એ લાભ લીધેલ.

**મહાજનશ્રી તરફથી સર્વે નિયાણી બહેનોને** ૧૦ ગ્રામ ચાંદીના સીક્કા રૂપે સંભારણું, મિઠાઈ અને સાલથી બહુમાન કરેલ. સર્વે નિયાણી બહેનોએ મહાજનના પ્રમુખશ્રી શામજીભાઈ નરશી દંડ તેમજ ટ્રસ્ટીગણ રસીકભાઈ લોડાયા, વિરચંદ ખોના, પ્રવિણ મોતા, વિપુલ પટેલ, કન્વીનર ગોવિંદજી પટેલ. કાર્યકર - મુકેશ દંડ, રાજેશ દંડ, હીતેશ પટેલ, પુજારી પંકજ ડાઘા, વિપુલ લોડાયા, ડોલર લોડાયા, રાજેશ પટેલ, ધનંજય મૈશેરી, બ્રિજેશ પટેલ, કલ્પનાબેન લોડાયાનું મોમેન્ટો તેમજ સાલથી બહુમાન કરેલ.

દરેક ભાગ્યશાળીઓ તરફથી **તપસ્વીઓની અનુમોદના માટે સારો એવો ફાળો થયેલ.** સંઘ તરફથી ૧૦ જણ અઠ્ઠમ તપવાળાને રૂા. ૧૦૦૦/-ની પ્રભાવના દરેકને, ૧ જણ છઠવાળાને રૂા. ૬૦૦/-, આંબીલ તપવાળાને એકજણને રૂા. ૧૦૦/-ની પ્રભાવના, દરેકને એકાસણાવાળાને રૂા. ૫૦/- પ્રભાવના. નાની-મોટી મહોત્સવ દરમિયાન સારી તપસ્યા થયેલ. તા. ૩-૨-૨૦૨૦ના ગાંધીધામ સ્ટેશન ઉપર નવકારશીનો લાભ મિનલ પ્રદીપ ખોના એ લીધેલ. **મહાજનશ્રીને ભેટ રૂપે કસબના ચંદ્ર પુઠીયાના લાભાર્થી :** શા. કાંતિલાલ ખીમજી ખોનાની દિકરી કલ્પનાબેન સોમચંદ લોડાયા (આરીખાણા). **ચંદરવો પોઠીયો ત્રીગડા માટે** શા. ઠાકરશી લાલજી પટેલ (મુલુંડ), **કસબના ત્રણ રૂમાલ** બાજોઠ ઉપર રાખવાના સાંધવ નગરની સર્વે નિયાણી બહેનો તરફથી, **મિનાકારી અષ્ટપ્રકારી પૂજાની વિવિધ સામ્રગીઓ :** શા. લાલજી શામજી પટેલની દીકરીઓ, પૌત્રીઓ, પરપૌત્રીઓ તરફથી, **ચાંદીનો શ્રીફળ** શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ તરફથી ભેટ આપવામાં આવેલ.

**પ્રતિષ્ઠા વખતે સિમેન્ટ ભરવાનો ચાંદીનો વાટકો તથા ચુનાડો :** શા. લાલજી શામજી પટેલ, ઠાકરશી લાલજી પટેલ, ગોવિંદજી લાલજી પટેલની દીકરીઓ તરફથી ભેટ આપવામાં આવેલ.

મહોત્સવને સફળ બનાવવા શાંતિસેના યુવા ગ્રુપ, કાર્યકર ભાઈ-બહેનો અને નિયાણી બહેનોએ જહેમત ઉઠાવેલ. પંકજ ડાઘા, રાજેશ દંડ, વિપુલ કાંતિલાલ, મિથુન પટેલ, મુકેશ દંડ, હિતેશ પટેલ, રાજેશ પટેલ, પ્રકાશ કુંવરજી લોડાયા, પ્રકાશ માણેકજી લોડાયા, ડોલર લોડાયા, જવેરચંદ ખોના, ઉમેશ ખોના, મનોજ ગાલા, રાજેશ ગોરજી, દશરથ જાડેજા, હેતલ પટેલ. મીના દંડ, કલ્પનાબેન લોડાયા, રસીલાબેન ખોના, જ્યોત્સના દંડ, તનવી ડાઘા, ગુણવંતી મૈશેરી, વિમલા મૈશેરી, નીતા ગાલા, મીનલ ખોના, કાંતાબેન લોડાયા, હીના મૈશેરી, કાંતાબાઈ મોમાયા, તેજલ ખોના, જયશ્રી શાહ, મીનાબેન નાગડા, નયના મોતા, શીલ્પા મોતા, ઉર્મીલા ખોના, વિ. સૌએ સારી એવી જહમત ઉઠાવેલ.

મહોત્સવ પ્રસંગને યાદગાર બનાવનાર સર્વેના આભારી છીએ. વિધિકાર કેવલભાઈ સાવલા, સહાયક પ્રવિણભાઈ સાવલા, સંગીતકાર પ્રદીપભાઈ જોષી એન્ડ પાર્ટી, મુંબઈ. પ્રભુજીની અંગરચના માટે મેહુલભાઈ નાગલપુર, હસ્તીનાપુર નગરી - જગડુશા નગરી ડેકોરેશન, લાઈટીંગ મંડપ, ડેકોરેશન મંડપ સર્વિસ- સૌમીલ છેડા (રાયણ), ભરતભાઈ સુરેન્દ્રનગર, નારાયણ મહારાજ (રાજસ્થાન), લાલાભાઈ ઠાકુર (શંખેશ્વર), સાંધવ યુવા ગ્રુપ, વરઘોડામાં બગીવાળા રહેમાન - માંડવી, વેલ માટે નવીન ચાંપશી દંડ (સાંધવ), શ્રી ક.દ.ઓ. વરાડીયા મહાજન, શ્રી રાપર ગઢવાળી મહાજન, લહેરચંદ મુરજી મૈશેરી (મોટી સિંધોડી), પ્રભુજીની પૂજા ભણાવનાર કોઠારા મહીલા મંડળ, કસ્તુરીબાઈ લોડાયા, ઢોલ શરણાઈ-રમજુ સાંધાણ, પાણી માટે બ્રિજેશ પટેલ, દૂધ માટે શરદ ડેરી (સાંધવ), સમાજવાડી સાંધવ, સરપંચશ્રી જયવિરસિંહજી જાડેજા, પ્રતાપસિંહ સોઢા, દેરાસરજી સ્ટાફ, ભોજનશાળા સ્ટાફ સૌનો ખૂબ ખૂબ આભાર.

મુંબઈ તેમજ દેશ-દેશાવરથી સાંધવ વાસીઓ નિયાણી બહેનો ૩૦૦ જણની સંખ્યામાં પધારેલ. બાગલકોટ, લોકાપુર, શેવગાવ, બીજાપુર, મલકાપુર જલગામ, વાપી, અંકલેશ્વર, રાપરગઢવાળી, રંગપુર, ભરૂડીયા, નેત્રા, અંજારથી પધારેલ.

મુંબઈથી આમંત્રણને માન આપી મુંબઈ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતા, પુનશીભાઈ લોડાયા, ઉદય નાગડા, શાંતિલાલ ધરમશી, ચીમનલાલ નાગડા, નીતીનભાઈ મોમાયા, શરદભાઈ શેવગાંવ, ગુલાબ સોની, વિનોદ લાલકા, વાપીથી ખુશાલ મૈશેરી, નલીયાથી સોમચંદ મોતા, રાયચંદ ડાઘા, મહેશ નાગડા, જખૌ મહાજન, વરાડીયા, સુથરી મહાજનો પધારેલ. સાંયરાથી દિનેશ મોમાયા, વાલજીભાઈ, ગીરીશભાઈ લોડાયા, દેઢીયાથી ચેતન ખોના, ભરત ખોના, મંજલથી મંગલ લાલકા, નારાણજી દંડ, રાપરગઢવાળી, પાસુભાઈ, રાજા લોડાયા, કોઠારાથી હીરાલાલ જીવાણી, વર્ધમાન લોડાયા, કાંતિલાલ લાલકા, મહેન્દ્ર ડાઘા, તેમજ કોઠારા તેમજ સાંયરા મહાજનના સર્વે પધારેલ.

**મહોત્સવના સહાયક લાભાર્થી :** શા. દેવરાજ આણંદજી લોડાયાની દીકરીઓ, પૌત્રીઓ, માતુશ્રી લતાબેન ઝવેરચંદ દંડ (ભાંડુપ), માતુશ્રી ખેતબાઈ સોમચંદ લોડાયાએ (ડોંબિવલી) લાભ લીધેલ. મહોત્સવ દરમિયાન સર્વે નિયાણી બહેનોએ ફૂલ નહીં પણ ફૂલની પાંખડી રૂપે ફાળો આપીને સહભાગી થયેલ તે બદલ ખૂબ ખૂબ આભાર. લી. **પ્રવિણ કે. મોતા** (સાંધવ-ડોંબિવલી)

સમાચાર
સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### કોરોનાના પ્રકોપ વચ્ચે પરબ શક્તિ સંજીવની સોસાયટીનો પ્રકલ્પ

COVID19ના સકંજામાં ફસાયેલાં; મુંબઇના અંતરિયાળ વિસ્તારોમાં ફેલાયેલા આપણા કે.ડી.ઓ. કુટુંબો માટે, પરબ શક્તિ સંજીવની સોસાયટીની બહેનોએ છેલ્લા કેટલાક દિવસોમાં એક ખૂબ જ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. માનવતાના આ કાર્ય માટે શ્રેષ્ઠીવર્ય શ્રી પદમશી લઘુભાઇ સોની (ગામ -સુથરી હાલ જુહુ )ના સૌજન્યથી કુલ ૫૫૦ અનાજની કિટ બનાવી, દરેક ઘરે, જરૂરતને જોતાં, એક-એક કિટ સીધી જ પહોંચાડવામાં આવી. મસ્જિદબંદરથી લઈને માટુંગા ઘાટકોપર, ભાંડુપ, કાંજુરમાર્ગ, મુલુંડ ચેકનાકા, થાણા,વાશી, કલવા, ભિવંડી, કલ્યાણ, દીવા, અગાસન, બદલાપુર, વિઠ્ઠલવાડી, ઠાકુર્લી, અંબરનાથ, ઉલ્હાસનગર, શાહપુર, ડોંબિવલી, ગોરેગાંવ, દહિસર, વસઈ, વિરાર, અગાસી અને નાલાસોપારા સુધીનો વિસ્તાર આવરી લેવામાં આવ્યો હતો. ડોંબિવલી મંડળ દ્વારા માસ્ક અને સેનિટાઇઝરની ૫૦ મિલિ.ની બોટલનું વિતરણ કરાયું અને શ્રી ડોંબિવલી વેલ્ફેર ગ્રૂપ દ્વારા પરબની કિટ સાથે ડોમ્બીવલીમાં ૧ લિટર ટેટ્રાપેક દૂધનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. મુંબઇના કોઇ પણ ખૂણે કોઇ જરૂરતમંદ જ્ઞાતિજન બાકી ન રહી જાય તેની ખાસ કાળજી રાખવામાં આવી હતી.

પરબના આ પ્રોજક્ટમાં શ્રી કે. ડી. ઓ.ડોંબીવલી મંડળ, ડોંબીવલી યંગસ્ટર્સ ગ્રુપ, ડાયનેમીક યુથ ફોરમના સભ્યો, સ્વસ્તિક ગ્રુપ, તેમજ કે. ડી. ઓ. જૈન સંઘ ભાંડુપ, મુલુંડ ચેક નાકા તથા થાણા, વિરારનાં કાર્યકર્તાઓનો ભરપૂર સાથ અને માર્ગદર્શન મળ્યા.

### રાયધણજર ખાતે ૨૩૦મી ધજા

રાયધણજર જિનાલયની ૨૩૦મી ધજાનો અવસર વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સાદાઈથી અલ્પ સંખ્યામાં ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં સાદાઈથી ઉજવવામાં આવ્યો. કચ્છ જઈએ ત્યારે સગા સ્નેહીને મળવા જઈએ તે ઉપરાંત આવા ગામમાં ૨૩૦ વર્ષ પ્રાચીન જિનાલયના દર્શન કરવા જરૂર જવું જોઈએ. આ પ્રાચીન જિનાલય હજુ પણ અડીખમ છે.

### શ્રી સતીષ એચ.નાગડા-તિરૂપુર

મુચાર્ચી મુરક્કલ અમાઈપુ-તિરૂપુરના ઉપપ્રમુખ શ્રી સતીષ એચ. નાગડા છે. આ સંસ્થા દ્વારા કોરોના સામેની લડતમાં રૂા. ૧ લાખ જેટલો ખર્ચ કરી જનતાને માસ્કનું વિતરણ, કલેક્ટર કચેરી પોલીસ કમિશ્નર, નગરપાલિકા તથા સરકાર હોસ્પિટલમાં માસ્ક, ગ્લોવ્ઝ તથા સેનિટાઈઝરનું વિતરણ કરવામાં આવ્યું તથા જંતુનાશક દવાઓનો છંટકાવ પણ કરવામાં આવ્યો. આ ઉપરાંત જરૂરતમંદોને દાળ, ચોખા તથા તેલ જેવી વસ્તુઓ તથા ફૂડ પેકેટનું વિતરણ કરાયું હતું.


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઇનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક,
મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી,
હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને
ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
**સોનલ આર્ટ**
Mob.: 99678 41792
'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ,
રોડ નં. ૯, શિવસેના ઓફિસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

## મોટી દરિયાઈ વા બગલી

કચ્છના પક્ષીઓ સંબંધી નોંધનો ઈતિહાસ ૧૮૭૮થી શરૂ થયો છે. લેસ્ટર નામના અંગ્રેજ અધિકારીએ આ નોંધો શરૂ કરેલી- બર્ડસ ઓફ કચ્છના નામે એ પછી ૧૯૪૫માં સલીમ અલીએ પણ કચ્છના પક્ષીઓ વિશે એક પુસ્તક તૈયાર કર્યું હતું. એ પછી આપણા લોકપ્રિય કવિ તેજ દ્વારા પણ કચ્છના પક્ષીઓનું જાત નિરીક્ષણ દ્વારા કચ્છના પક્ષીઓની પિરોલિઓ રૂપ પુસ્તકની રચના કરવામાં આવી છે.

તાજેતરમાં, ભુજના બર્ડસ ફોટોગ્રાફર જયસુખ પારેખ સુમન અને તેમના પુત્ર નિરવને માર્ચ મહિનામાં મોઢવા કાંઠે ફોટોગ્રાફીમાં મોટી દરિયાઈ વા બગલી નામના પક્ષીઓનું એક નાનકડું ટોળું ઝડપી લીધું હતું.

અત્રે નોંધવું જોઈએ કે ૧૮૭૮થી અત્યાર સુધી આ પક્ષી ક્યારેય કચ્છ વિસ્તારમાં જોવા મળ્યું નથી. આમ પહેલી જ વાર આ પક્ષી ઓસ્ટ્રેલિયા તરફથી કચ્છમાં આવ્યું હોવાની સંભાવના છે.

## સાંધવ

સાંધવ ગામમાં ચાતુર્માસ માટે પ.પૂ.મુનિરાજ શ્રી આર્યરત્નસાગરજી મ.સા.ને આજ્ઞા આપેલ છે.

## મુલુંડ ખાતે કોરોના લડવૈયાઓ પ્રત્યે આભાર દર્શન

મુલુંડ વેસ્ટ કલ્પનગરી સ્થિત ધૈવત સોસાયટીના રહેવાસીઓએ કોવિડ-૧૯ના રોગચાળામાં જીવના જોખમે સેવા આપી રહેલા ડૉક્ટરો, નર્સો અને અન્ય પેરા મેડીકલ સ્ટાફ, સફાઈ કર્મચારી અને એ બધાને સલામતી પૂરી પાડનારા પોલિસ કર્મચારીઓ પ્રત્યે આભાર અને અભિનંદનની ભાવના વ્યક્ત કરવા માટે ભારતના નકસાની દીવાઓ દ્વારા રચના કરી હતી.

## અચલગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં ઓનલાઈન પારણા

બહુંતેર જિનાલયમાં વિરાજમાન પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબે અક્ષય તૃતિયાએ યોજાતા વરસી તપના પારણા ઓનલાઈન પદ્ધતિથી કરાવ્યા હતા.

આચાર્ય ભગવંત દ્વારા અપાયેલા માંગલિક અને પચ્ચખાણને અનુસરી વરસીતપ આરાધકોએ પોતપોતાના ઘરે ઈક્ષુરસથી પારણા કર્યા હતા.

## અનોખી લગ્ન પત્રિકા-ચકલી ઘર

ભારાસરની યુવતી રિંકલ કિશોર વરસાણીના ટૂંકમાં લગ્ન લેવાના હોઈ યુવતીની લગ્નની આમંત્રણ પત્રિકા ચકલી ઘર આકારની બનાવીને વહેંચવામાં આવી રહી છે.

## કચ્છી બેડમિંટન ખેલાડીની સીનિયર ટીમમાં પસંદગી

કચ્છના વિખ્યાત બેડમિન્ટન ખેલાડી અને ભુજ ઓફિસર્સ ક્લબના કોચ ગિરધર સોનીને રાષ્ટ્રીય સીનિયર ખેલાડીઓની સ્પર્ધા માટે પસંદ કરાયા છે.

ગિરધર સોની વડોદરા ખાતે આયોજિત ગુજરાત બેડમિંટન એસોશિએશન આયોજિત સ્પર્ધામાં રનર્સઅપ રહ્યા હતા. રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર તેઓ કચ્છના એક માત્ર ખેલાડી છે.

## પ્રબોધભાઈ દ્વારા માનવજ્યોત સેવાના સંસ્થા હેઠળ ૫૦૦થી વધુ લાવારિસ મૃતદેહોના અંતિમ સંસ્કાર

માનવજ્યોત સંસ્થા ભુજના નેજા હેઠળ શ્રી પ્રબોધભાઈ મુનવર લાવારિસ મૃતદેહોના અંતિમ સંસ્કાર કરે છે. તેમના હાથે અંતિમ સંસ્કાર પામેલા આ મૃતદેહોનો આંક ૫૦૫ જેટલો થઈ ગયો છે.

કચ્છમાં મૃત્યુ પામનારાઓના જે મૃતદેહો પોસ્ટમોર્ટમ (ઓટોપ્સી) માટે ભુજ લાવવામાં આવે છે. તેમના કોઈ વલા વારસ સામે ન આવે ત્યારે તેવા મૃતદેહોના અંતિમ સંસ્કાર સરકારી રાહે કરવાનો હોય છે. શ્રી પ્રબોધભાઈ મુનવરની સંસ્થા માનવજ્યોત આ કામગીરી બજાવે છે.

શ્રી પ્રબોધભાઈ મુનવર સંચાલિત માનવ જ્યોત સંસ્થાઓ કોરોના વાયરસના કપરા કાળ દરમિયાન, પાંચ બિન વારિસ લાશોનો અંતિમ સંસ્કાર કર્યો હતો.

## સમસ્ત મહાજનના બી-ટૂ-બી વેબીનારને શાનદાર સફળતા

કોરોના લોકડાઉનના પગલે મુક્ત થયેલા વાતાવરણમાં સમસ્ત મહાજનના નેજા હેઠળ બી-ટૂ-બી વેબીનાર એપ્રિલમાં આયોજિત કરાયા હતા.

સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી નિશીથ દંડે બી-ટૂ-બી ટીમને આવા આયોજન માટે અભિનંદન આપતાં આ


Exclusive Embroidery & Upto date Finishing
Sachi Jari Mate Real Nam
જ્યોતિ
SILK SAREE EMPORIUM
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

પ્રવૃત્તિઓ ભવિષ્યમાં પણ ચાલુ રાખવાની ભલામણ કરી હતી.

એપ્રિલની ૧૯, ૨૧ અને ૨૩ તારીખે આ વેબીનાર યોજાયા હતા. વેબીતારનો પ્રારંભ કરતા બી-ટૂ-બીના ટીમના પ્રમુખ કર રાજેશ મોમાયાએ પ્રસ્તાવના બાદ ઈન્કમ ટેક્સ કમિશ્નર શ્રી દિલીપભાઈ નાગડા (નલિયા) આઈ.આર.એસ.ને સંચાલનના સૂત્ર સોંપ્યા હતા. શ્રી દિલીપભાઈએ કોરોના બાદ ઊભી થનારી વિવિધ વ્યાપારિક અને સ્ટાર્ટઅપ તકો વિશે જણાવતા એમનો કઈ રીતે લાભ લઈ શકાય. આવનારી જરૂરતો અને પડકારો પર પ્રકાશ પાડ્યો હતો. ૧૯ એપ્રિલના આયોજિત આ વેબીનારમાં ૧૮૦ જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો.

૨૧ અપ્રિલના રોજ યોજાયેલા બીજા વેબીનારમાં ૪૫૦ જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો. શેર બજાર અને રોકાણ સંબંધી આ વેબીનારમાં જ્ઞાતિજનોના પ્રશ્નો અને સમસ્યાઓની બાબતો સુથરીના શ્રી રવિ ધરમશીએ હાથ ધરી હતી.

૨૩ એપ્રિલના રોજ મહિલા સશક્તિકરણ અને સ્વરોજ ટીમે સંચાલન હાથ ધર્યું હતું જેમાં મહિલાઓ ઘેર બેઠા કઈ રીતે પોતાની આર્થિક શક્તિ વધારી શકે અને પોતાના ફાઝલ સમયનો ઉત્પાદક ઉપયોગ કરી શકે તે માટે સૌ. મીનલ ખોના, વીરાજ ધુલ્લા, દિવ્યા મોમાયા અને મહિમા દંડે પ્રકાશ પાડ્યો હતો. કોવિદ-૧૯ની તાતી જરૂરિયાત ફેસ માસ્ક બનાવવાનું માર્ગદર્શન આપ્યું હતું. આ વેબીનારમાં ૯૪ મહિલાઓએ ભાગ લીધો હતો.

**શ્રી પારોલા કચ્છી દશા ઓસવાલ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન શ્રીસંઘ**

ખાનદેશની ધન્યધરા પર શ્રી પારોલાતીર્થનાં શ્રી શાંતિનાથ દાદાની પ્રતિષ્ઠા સંવત ૧૯૧૬માં પ.પૂ. રત્નસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં ગામવાસી શેઠશ્રી હરભમ નરસીસા અને ખાનદેશના પ્રતિષ્ઠિત જ્ઞાતિ ભાઈઓની ઉપસ્થિતીમાં થયેલ. ત્યારથી વખતો વખત શ્રીસંઘએ ધ્વજામહોત્સવ જ્ઞાતિભાઈઓ સાથે ઉજવતા આવ્યા છે.

આ વરસે દેશમાં મહામારી કોરોનાની બિમારીના કારણે તા. ૨૯/૪/૨૦૨૦ ના શ્રી શાંતિનાથ દાદાની ૧૬૧મી ધ્વજામહોત્સવ તપચક્રવર્તી શાસનસમ્રાટ અચલગચ્છાધિપતી આ.ભ.પ.પૂ. ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. ના આજ્ઞાવર્તિની પરમવિદ્રૂષી પરમ પૂજ્ય સાધવીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પરમ પૂજ્ય સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા ૪ ની નિશ્રામાં ગામવાસી જ્ઞાતિ ભાઈ-બહેનોની ઉપસ્થિતીમાં ઉજવવામાં આવેલ.

ધ્વજા ચડાવવાનો લાભ - સરલાબેન ગુલાબચંદ નાગડા પરિવાર (જખૌ) પારોલાવાલા, આરતી/મંગલદીવો - સૌ લેખાબેન ધનપતી મોમાયા પરિવાર (બાપોઈ) જલગામ, શાંતિકળશ - નવલબેન દિલીપ પોલડીયા પરિવાર (બાયઠ) પારોલા.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

હાથ અને મશીન ભરતની ભારે ફેન્સી સાડીઓ અને લખનૌ ભરતની કુર્તીઓ. સોમવાર બંધ


**કચ્છમાં અટવાયેલા જ્ઞાતિજનો જોગ**

કચ્છમાં લોકડાઉનમાં અટવાયેલ જ્ઞાતિજનોને પોતાના નામ, ગામ અને મોબાઈલ નં. કિરણ કુમાર મોમાયા વરાડીયાને મો. નં.૯૨૨૫૧૯૩૮૭૧ ઉપર મોકલવા.

**ક.દ.ઓ. યુવાઓનું સમાજસેવા અભિયાન**

હર્ષિત દંડ અને ઉર્વી લોડાયાએ કોરોના કાળના કપરા વખતમાં જરૂરિયાતમંદોને ૬૫૦૦ ખાધા ખોરાકીના પેકેટ, ૧૭૫ લીટર દૂધ અને ૫૦ ખોરાકી સામગ્રીની કીટ તથા પશુ આહારનું વિતરણ કર્યું હતું. એમણે જ્ઞાતિજનોને ફાળો લખાવવા વિનંતી કરી છે. એક ખાધ સામગ્રી કીટ કિમત રૂ.૩૫૦/- છે.

હર્ષિત દંડ : ૮૮૭૯૨૮૮૬૫૮ (G Pay), ઉર્વી લોડાયા : ૯૭૫૭૪૨૨૮૮૦ (Pay tm) ખૂબજ પ્રસંશનીય કાર્ય.

**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ જખૌ મહાજન અને શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર**

કરોના મહામારી ના અણધાર્યા અને અભૂતપૂર્વ સંકટથી લોકડાઉન થકી આપણા બધાનું જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. જખૌ કેયર ફંડ દ્વારા મહાજન અને ટ્રસ્ટે જરૂરિયાતમંદ જખૌવાસી ક.દ.ઓ. સાધર્મીકોને મદદ કરેલ છે.

સરકારી આદેશથી દેરાસર, ધાર્મિક અને સામાજિક પ્રસંગો બંધ છે. સરકારી આદેશને માન આપી આપણો નૂતન અતિથિગૃહ ભૂમિપૂજન કાર્યક્રમ મુલતવી રાખેલ છે તેમજ ધ્વજા મહોત્સવ સાદાઈપૂર્વક, સરકારી નિયમોપ્રમાણે ઉજવવાનું નક્કી કરેલ છે.

મહાજન અને ટ્રસ્ટ દ્વારા સંયુક્ત રીતે નિર્ણય લેવાયો છે કે વર્ષ ૨૦૨૧ ના ધ્વજાના ચડાવા ન લઈ, વર્ષ ૨૦૨૦ના લાભાર્થીઓને ઇ. સ.૨૦૨૧ માં ધ્વજારોહણનો લાભ આપવો.

આ વર્ષે અચલગચ્છાધિપતિ ની આજ્ઞાથી પ.પૂ. સાધ્વીશ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા. નો ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે. ચાતુર્માસ પ્રવેશનો મુહુર્ત આષાઢ સુદ ૧૩, ગુરુવાર તા. ૨ જુલાઈ ૨૦૨૦ સવારે ૬.૩૦ થી ૭ વાગ્યાનો મળેલ છે.

## નવા બદલાયેલા સરનામા / ફોન નંબર

| | |
|---|---|
| **ધર્મેશ લખમશી ભવાનજી ખોના**<br>PS-3763 (ગામ-વરાડીયા) | 71, ગ્રાઉન્ડ ફ્લોર, યમૂના અર્જૂન સોસાયટી, નામદેવ પથ, જીજાજી નગર, ગોગ્રાસ વાડી, ડોંબિવલી (ઈસ્ટ), MH ૪૨૧ ૨૦૧.<br>મો. નં. 08082228818, 08779298860, 09920787944 |
| **રાજેશકુમાર પુનશી રતનશી લોડાયા**<br>PS-7305 (ગામ-સુથરી) | રાધાનગરી, બોંગ લે-આઉટ, દીગ્રસ, MH ૪૪૫ ૨૦૩.<br>મો. નં. 09421770206 |
| **હીરેશ જવેરચંદ નરશી સાયલા**<br>PS-196 (ગામ-મંજલ) | ફ્લેટ નં.૧૦૦૭ બિલ્ડીંગ નં. ૧૦૭, શ્રી શાંતીકુંજ કો.ઓ.હા.સો., તિલકનગર, વિદ્યાવિહાર, મુંબઈ - ૪૦૦ ૦૮૯. મો. નં. 08879520887 |
| **હિરાચંદ રાયચંદ જીવરાજ મૈશેરી**<br>PS-6616 (ગામ-બાંઢીયા) | ૨, સાગરકૃપા, ન્યુ ડોનબોસ્કો સ્કૂલની બાજુમાં, ગુપ્તે રોડ, ગાંવદેવી, ડોંબિવલી (વેસ્ટ). ૪૨૧ ૨૦૨. મો. નં. 07620779302 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૪-૨૦ | વિક્રોલી | હર્ષ, આરતી શ્રેયસ દામજી ધરમશી | ભરૂડીયા | પુત્ર |
| ૧૭-૦૪-૨૦ | વડોદરા | શિવાય, નેહા દિપેન વર્ધમાન લોડાયા | તેરા | પુત્ર |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૩-૨૦ | ધૂલિયા | નીરવ વિનોદ નેણસી સોની | સાંયરા | ૨૮ |
| | કલ્યાણ | મનાલી વિનાયક વસંત મોહિતે | કુંડળ | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૩-૨૦ | ડોંબિવલી | મિથુન ખુશાલચંદ લાલજી લોડાયા (પટેલ) | સાંધવ | ૩૨ |
| ૧૯-૦૪-૨૦ | ગોરેગામ | જયંતિલાલ દામજી ખીમજી નાગડા | નલીયા | ૭૫ |
| ૨૧-૦૪-૨૦ | રાયપૂર | વિજયાબાઈ જેઠાલાલ માણેકજી લાલકા | વારાપધર | ૭૫ |
| ૨૨-૦૪-૨૦ | નવી મુંબઈ | જગદીશ હિરજી ભારમલ નાગડા | નલીયા | ૭૬ |
| ૨૨-૦૪-૨૦ | બેંગલોર | રોહિત ઉમરશી જેવત ખોના | નલીયા | ૭૦ |
| ૨૪-૦૪-૨૦ | ડોંબિવલી | મુકેશ શીવજી માલશી ધૂલ્લા | સુથરી | ૭૬ |
| ૨૪-૦૪-૨૦ | કોચીન | સુરેશચંદ્ર ખેતસી લાલજી સોની | વાંકૂ | ૭૮ |
| ૨૪-૦૪-૨૦ | અહમદનગર | મધૂરીબેન હરીશ શામજી મૈશેરી | કુઆપધર | ૬૩ |
| ૨૪-૦૪-૨૦ | પાલીતાણા | કુ. જીનલ રાજેશ નાગડા | વીંઘ | ૨૨ |
| ૨૬-૦૪-૨૦ | ડોંબિવલી | ચેતના ભરત મણીલાલ લાપસિયા | કોઠારા | ૫૪ |
| ૨૭-૦૪-૨૦ | અંજાર | શિરીષ હંસરાજ જેઠાભાઈ લોડાયા | સુથરી | ૬૬ |
| ૨૮-૦૪-૨૦ | પારોલા/નાસીક | પૂષ્પાબેન ચંદુલાલ દેવશી ડાઘા | ગોએરસમા | ૭૧ |
| ૨૮-૦૪-૨૦ | મુલુંડ | મનીષ ખુશાલ ત્રિકમજી લોડાયા | તેરા | ૪૨ |
| ૨૮-૦૪-૨૦ | બારસી | તિલક રતનશી દામજી પાસુભાઈ ધરમશી | સાંધાણ | ૪૯ |
| ૨૮-૦૪-૨૦ | હુબલી | શાંતીલાલ મેઘજી હેમરાજ લોડાયા | સાંયરા | ૮૪ |

## જીવનચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૫-૨૦ | માટુંગા | ડૉ.માનસી જયચંદ લોડાયા (અજાણી) | કોઠારા | ૮૫ |
| ૦૨-૦૫-૨૦ | કોચીન | અવિન વિજય પદમશી વેલજી ધરમશી | સાંયરા | ૩૭ |
| ૦૨-૦૫-૨૦ | ચેમ્બૂર | ગુણવંતી મુલચંદ ખીમજી ખોના | સુથરી | ૬૬ |
| ૦૩-૦૫-૨૦ | અંકલેશ્વર | ગુણવંતી માણેકજી દામજી મોમાયા | વરાડીયા | ૮૦ |

# સ્ટેચ્યુ

નાના હતા ત્યારે કબડ્ડી, લંગડી, ગીલ્લીદંડો, આઈસ પાઈસ, થપ્પો, લેકલેકાણી, નાગોડી જેવી અનેક રમતો રમતા હતા. સમયના બદલાવ સાથે ક્રિકેટ, ટેબલ ટેનિસ, ફુટબોલનો થોડો સ્વાદ ચાખ્યો. એ બધી રમતોને છેલ્લા એક મહિના દરમ્યાન મનમાં ને મનમાં યાદ કરતા એક એવી રમત યાદ આવી કે જેનું નામ આજના લેખનું ટાઈટલ બની ગયું છે.

લેખ વાંચવાનું શરૂ કરી દીધું છે પણ ટાઈટલ હવે વાંચ્યુ હશે એવું અનુમાન કરું છું અને સ્ટેચ્યુ લેખને આગળ વધારુ છું. બધા ગોઠીયાઓ, ભાઈ બહેનો ભેગા થાય ને રમત શરૂ થાય. એક જણ કહે સ્ટેચ્યુ એટલે બધાએ જે સ્થિતિમાં હોય એમાં પૂતળાની જેમ સ્થિર થઈ જવાનું. એવું કંઈક માળખું હતું આ રમતનું. આ રમત બાળપણમાં રમ્યા હશે એ બધા વાચકોના મનમાં એ ઘટનાક્રમ તાજો થયો હશે અને એને મમળાવવાનું ભૂલવા જેવું નથી.

છેલ્લા બે-ત્રણ મહિનાથી વિશ્વને સંક્રમિત મહામારીએ સકંજામાં લઈ લીધું છે. ચીનથી શરૂ થયેલો આ અજગર ભરડો યુરોપના દેશો તથા અમેરિકામાં ખૂબ જ મજબૂત બન્યો અને આ લખાય છે ત્યાં સુધી લાખો લોકોમાં આ મહામારીના લક્ષણો પ્રગટ થયા. અનેક લોકો મૃત્યુને શરણ થયા. મહામારીને ફેલાતી અટકાવવા દુનિયાના અનેક દેશોએ પૂર્ણ કે આંશિક તાળાબંધી જાહેર કરી જે હજુ પણ આગળ વધારવામાં આવશે તેવી ધારણા છે.

જાણે સ્ટેચ્યુ ગેમના અદૃશ્ય ઓપરેટરનો અવાજ જગતને થંભી જવા કહેતો હોય એમ વિશ્વ આખું થંભી ગયું. રસ્તાઓ સૂમસામ થઈ ગયા. કારખાનાઓના અવાજ થંભી ગયા. હવાઈજહાજોની ઘરઘરાટી અટકી ગઈ. કાર, ટ્રેન, ટ્રક જૈસે થે જેવી સ્થિતિમાં આવી ગયા. આખી દુનિયા જાણે સ્ટેચ્યુ બની ગઈ હોય એમ લાગે છે. આપણી ઉમરના દસેક વર્ષને છોડી દઈએ તો બાકીના વર્ષોની સતત દોડધામ જાણે થંભી ગઈ હોય એવું લાગે છે. આપણે બધા સ્ટેચ્યુ બની ગયા છીએ પ્રકૃત્તિના એક જ અદૃશ્ય અવાજથી. સ્ટેચ્યુની આ રમતમાં થોભી જા કહેનાર દેખાતો પણ નથી. ત્યાં સુધી અનુભવાતો પણ નથી કે જ્યાં સુધી શ્વાસ લેવામાં ગુંગળામણ થવા માંડે, મોઢાનો સ્વાદ ચાલી જાય, ધ્રાણેન્દ્રીય ક્ષીણ થઈ જાય. આ બધી જ મુશ્કેલીઓની વચ્ચે પણ જો આપણે કુદરતની રચેલી આ સ્ટેચ્યુ ગેમને જીવન માટે માર્ગદર્શક માની શકીશું તો આપણે જીતી શકીશું. બાકી ખોટી લડાઈ કરીશું, પ્રકૃતિના સ્ટેચ્યુ થવાના આદેશને માન નહીં આપીએ તો હારીશું એ નિશ્ચિત છે. મને તો એમ લાગે છે કે પ્રકૃતિએ માનવજાતનો વિનાશ ન થાય તે માટે સુધરવાનો એક મોકો આપ્યો છે. સ્ટેચ્યુ કહીને થોભી જવાનો આદેશ આપ્યો છે. માનવના મન અને શરીરને સુદૃઢ બનાવવાની કસોટી લીધી છે. હવે માનવજાત ઉપર છે કે આ સંકટ ટળ્યા પછી મનુષ્યએ સુધરવું છે કે પછી હતા તેવા ને તેવા...

નદીઓના પાણી શુદ્ધ થઈ ગયા આ એક બે મહિનામાં, વાયુપ્રદૂષણમાં ધરખમ ઘટાડો થયો. મનુષ્યમાં પરમાત્માના સ્વરૂપે રહેલી કરૂણાનો પ્રાદુર્ભાવ દેખાયો. ડોક્ટર, નર્સીસમાં ભગવાન દેખાયા. પોલીસકર્મી, સફાઈકર્મીઓ મિત્રો લાગ્યા અને હજુ વધુ લખું તો ખૂબ જ પારકા લાગતા લોકો પોતીકા લાગવા માંડ્યા. દેશ, ભાષા, પ્રદેશ જાતિના લેબલ્સ ખરી પડ્યા. બધા જાણે માનવો બની ગયા.

**થોભી ગયેલો આ સમય સદાબહાર લાગે છે,**
**જાણે પ્રણયની હોય ક્ષણ ખુશ્બુદાર લાગે છે,**
**નાત-જાતનો દ્વેષ ભૂલીને માનવતાને પોંખે,**
**મનુષ્ય આજે જાણે ઈશ્વરનો હકદાર લાગે છે.**

પ્રકૃતિએ આયોજીત કરેલી આ સ્ટેચ્યુ ગેમ જલ્દીથી પૂરી થાય એવી પ્રભુપ્રાર્થના સાથે એટલું જોડીશ કે હે ઈશ્વર, સમગ્ર માનવજાતને તેં આપેલી શિખામણ ભૂલી ન જાય એટલી સ્મૃતિ પણ આપજે. અંચઈ નહીં કરે માનવજાત એવું અત્યારે તો લાગે છે.

**- પ્રફુલ જોષી (ડોંબીવલી)**

# પ્રથમ પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ
તા.૯-૧-૧૯૪૧

અરિહંત શરણ
તા.૧૫-૫-૨૦૧૯

## સ્વ. શ્રી બંકિમભાઈ (બકુલ) પદમશી ધરમશી

## મુલુંડ-સુથરી

આપની હયાતી અમારી પ્રેરણા હતી.
આપના આદર્શ અમારા માર્ગદર્શક હતા.
આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ
અને લાગણીશીલતા અમો જીવનભર ભુલશું નહિં.
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના

ધર્મપત્ની : સુશિલા બકુલ ધરમશી (મુલુંડ)
કુંવરજી માલશી લાલકા (ગદગવાલા)ના જમાઈ

: આપના બાળકો :

નીલેશ-અનુપમા-સાગર (કેનેડા)
હિતેશ-રાજુલ-બીયાંકા (અમેરીકા)
દિપેશ-ડોલી-રૂષભ (ઈંગ્લેડ)

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018-20
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# છતીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ કોરોના સામે લડવા સંદેશો આપ્યો




શ્રી છતીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડળના સભ્યોએ હાલમાં પ્રવતર્તી કોરોના મહામારી માટે લોકોને સમજણ આપવા અને તેનાથી બચવા માટે સંદેશો આપ્યો હતો. આવો બધા સાથે મળીને કોરોનાને હરાવીએ, આવો કોરોનામુક્ત દેશ બનાવીએ તથા કોરોના હારશે દેશ જીતશે. સ્ટે હોમ, સ્ટે સેફ જેવા લખેલા કાર્ડબોર્ડ ડીસ્પલે કરીને આ મહામારી સામે મુકાબલો કરવા આપણે સૌ સાથે છીએ એવો એકાત્મ ભાવનાનો સંદેશો સૌને આપ્યો હતો.

Printed, Published & Edited by : RAICHAND R. NAGDA on behalf of C.D.O. PRAKASH SAMIKSHA SAMITI and Printed at THE NEW MILLENNIUM PRINTERS, 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.